Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું. સંવત ૨૦૦૫.

આત્મ સં. ૫૩

અંક ૪ થો. તા. ૧-૧૨-૪૮ કાર્તિક



વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી મહાવીર સ્તવન ... ... ... | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૬૧ |
| ૨ | જ્ઞાન પચમીનું સ્તવન ... ... ... | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૬૨ |
| ૩ | વર્ષાભિનંદન સ્તુતિ ... ... ... | ( મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજ ) | ૬૨ |
| ૪ | આરામની આવશ્યકતા ... ... ... | ( આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૬૪ |
| ૫ | જ્ઞાતા અને જ્ઞેય ... ... ... ... | ( લે. સન્માર્ગ ઇચ્છક ) | ૬૭ |
| ૬ | કેટલાક ભૌગોલિક સ્થળોનાં નામો ... ... | ( મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ ) | ૬૯ |
| ૭ | જ્ઞાનપંચમી તપ આરાધો ... ... ... | ( મુનિરાજ લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૭૨ |
| ૮ | ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... | ( લે. મૌક્તિક ) | ૭૩ |
| ૯ | મંગળમય વાણી... ... ... ... ... ... | ( ' અભ્યાસી ' ) | ૭૫ |
| ૧૦ | યાત્રાના નવાણું દિવસ ... ... ... ... ... | ( શ્રી ચોકસી ) | ૭૭ |
| ૧૧ | આત્મ સાધના... ... ... ... ... | ( અમરચંદ માવજી શાહ ) | ૭૯ |
| ૧૨ | વિશ્વવિભૂતિને સ્મરણાંજલિ ... ... | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ ) | ૮૦ |
| ૧૩ | જય જવ હર... ... ... ... ... ... | ( શ્રી જટુભાઇ મહેતા ) | ૮૧ |
| ૧૪ | કેટલાક સદ્બોધક દૃષ્ટાંતો ... ... ... ... | ( શ્રી અભ્યાસી ) | ૮૨ |
| ૧૫ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | ( સભા ) | ૮૪ |


"અંતરમાં વાસ કરતાં શત્રુઓથી બ્હીને ચાલવું જોઇએ. કામ, ક્રોધનો ભય એજ ખરો ભય. એને જીતીયે તો ભયજનક બાહ્ય વસ્તુઓનો ત્રાસ એની મેળે મટી જશે. બધો ભય દેહને લીધે છે. દેહની લાલચ દૂર થાય તો નિર્ભયતા મળે. આમ બધા ભયો આપણી કલ્પનાની જ રમતો હોય છે. બધામાંથી 'મારું' દૂર થાય તો ભય ક્યાં રહે? 'तेन त्यक्तेन भुञ्जीथाः' એ રામબાણ વચન છે."

ગાંધીજી.


## શ્રી વસુદેવ હિંડી (ગુજરાતી અનુવાદ) કીમત રૂ. ૧૫)

કર્ત્તા શ્રીમાન **શ્રી સંઘદાસગણિ**, સંશોધનકાર મહાત્મા સાક્ષારવર્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજ, અનુવાદક, ભાષાશાસ્ત્રી અને સાક્ષર સાહિત્યકાર શ્રી ભોગીલાલ જે. સાંડેસરા એમ. એ. આ અપૂર્વ સાહિત્ય ગ્રથ ઊચ્ચકક્ષાનો પ્રથમ કોટીમાં મુકી શકાય તેવો અપૂર્વ ઐતિહાસિક અને કથા સાહિત્ય ગ્રંથ (પાંચમા સૈકામાં પ્રથમ લખાયેલ)

ઉચ્ચકોટીના સાહિત્યકાર અને સાક્ષરોત્તમ રાજેશ્રી આનંદશંકરભાઇ બાપુભાઇ ધ્રુવે આ સભા આવી પ્રથમ ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કરેલી ગણના, તેમજ જૈન વિદ્વાનત્યાગી મહાત્માઓ અને જૈનેતર સાહિત્યકારે ગણેલ અપૂર્વ પ્રશંસનીય ઇતિહાસિક કથા સાહિત્યનો અનુપમ ગ્રંથ તેમજ જેની જૈન દર્શનમાં અનેક સ્થળે સાદતો આપવામાં આવેલ છે. આ અપૂર્વ ગ્રંથ જેની જૈન સમાજ કિંમત કદાચ ગણના ન કરે કે ઓછી કરે તેથી તેની ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કિંમત ઓછી થતી નથી.

આ ગ્રંથની જે નકલો પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને મોટી સંખ્યામાં ભેટનો અપૂર્વ લાભ આપેલ છે તે પછી હવે અમારી પાસે જુજ નકલો સિલીકે રહેલ છે, તે ગ્રંથ **સિરિઝનો** હોવાથી તે **સિરિઝના** ધારા પ્રમાણે તેની મૂળ રકમ ઉપાર્જન કરી પછી તેમાંથી સિરિઝના બીજા ગ્રંથનું પ્રકાશન કાર્ય સભાને કરવાનું હોય છે. ઉપરોકત પ્રમાણે સભાસદો અને તેમજ ધોરણ પ્રમાણે મુનિ-મહારાજાઓ તથા જ્ઞાનભંડારો વગેરેને ભેટ જતાં અનામત રાખવાની જે મૂળ રકમ છે તે પૂર્ણ કરવા માટે આ ગ્રંથની કિંમત રૂ. ૧૨॥ ને બદલે હવે સિલિકે રહેલ બુકોની દરેકની રૂ. ૧૫) કિમત લેવા ઠરાવેલ છે. જેથી તે પૂર્ણ થતાં તરતજ તે બંધુના સિરિઝનો બીજો ગ્રંથ છપાવવાનો સભા પ્રબંધ કરી શકશે. ૨૫ નકલથી વધારે લેનારને વીસ ટકા કમીશન આપવામાં આવશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫. કાર્તિક પુસ્તક ૪૬ મું.

વિક્રમ સં. ૨૦૦૫. :: તા. ૧ લી ડીસેમ્બર ૧૯૪૮ :: અંક ૪ થો.


## મહાવીર-સ્તવન.

### ( ગૌતમ વિલાપ. )

( રાગઃ—હમ જીકે કયા કરેંગે જબ દીલ હી તૂટ ગયા. )

સુખકારી વીર સ્વામી ! મુજ આશ નિરાશ થઈ,
મુજ આશ નિરાશ થઈ...........સુખકારી૦
મિલનની અંત ઘડીએ કયમ કયમ રાખ્યો દૂર સ્વામી ?
કયમ રાખ્યો દૂર સ્વામી ?
નિર્વાણ પંથે ચાલ્યા, જિનવરજી પૂર્ણકામી,
ગૌતમની ઓથ ગઈ......( ૨ )......સુખકારી૦
સાગરનાં નીર મધ્યે મુંઝાયે રંક પ્રાણી,
મુંઝાયે રંક પ્રાણી;
તે રીતે ગૌતમ આજે ઉચ્ચારે દીન વાણી,
પ્રભુ તારો હાથ દઇ......( ૨ )......સુખકારી૦
મમતાના બંધ કાપો, આપોને જ્ઞાન સ્વામી,
આપોને જ્ઞાન સ્વામી;
તુજ પથમાં નાથ ! યોજી નાખોને કષ્ટ શામી,
તુજ પ્રતિમા ઉર રહી......( ૨ )......સુખકારી૦
ગૌતમનાં મોહ મમતા, વૈરાગ્યે દૂર કીધાં,
વૈરાગ્યે દૂર કીધાં;
શુભ દિવ્ય કેવળજ્ઞાને મહાવીર-અમૃત પીધાં;
હેમેન્દ્રે મુક્તિ ચહી......( ૨ )......સુખકારી૦

રચયિતાઃ—મુનિ મહારાજશ્રી હેમેન્દ્રસાગરજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનપંચમીનું સ્તવન.

( નાગરવેલીઓ રોપાવ–રાગ. )

જ્ઞાન જ્યોતને પ્રગટાવ, તારા ઉર મંદિરમાં;
જિનવાણીને વસાવ, તારા ઉર મંદિરમાં ટેક૦
તું લક્ષ ચોરાશી રૂલ્યો, સદ્-જ્ઞાનને તું ભૂલ્યો;
જ્ઞાનદીપકને પ્રગટાવ, તારા ઉર મંદિરમાં. ( ૧ )
પંચમી તપને જે આરાધે, આત્મ તત્ત્વનું ભાજન થાએ;
પંચમી તપનો પ્રભાવ, તારા ઉર મંદિરમાં. ( ૨ )
જીવ અજીવનો વિચાર, જ્ઞાન વિના નવિ થાય;
**જ્ઞાનપંચમી** આરાધ, તારા ઉર મંદિરમાં. ( ૩ )
જ્ઞાની એક જ શ્વાસોશ્વાસ, કર્મ કઠીનનો કરે નાશ;
સમ્યગ્ જ્ઞાનને વસાવ, તારા ઉર મંદિરમાં. ( ૪ )
કર્મ–મેલને દૂર કરવા, સદ્જ્ઞાન હૃદયમાં ધરવા;
આનંદ ઊર્મિઓ વર્ષાવ, તારા ઉર મંદિરમાં. ( ૫ )
તપથી નરભવ સફળ ઈચ્છો, મૂકો મિથ્યા જ્ઞાનનો પીછો;
ધાર્મિક જ્ઞાનને વસાવ, તારા ઉર મંદિરમાં. ( ૬ )
જ્ઞાનપંચમીને આરાધી, કંઈક આત્માનું લ્યો સાધી;
સૂરિ **અજિતાબ્ધિકેરા**, તારા ઉર મંદિરમાં. ( ૭ )
કહે–**લક્ષ્મીસાગર**–તપથી ઉજમાળા;
**વરદત્ત-ગુણમંજરી** પેઠે નરનાર;
ધાર્મિક જ્ઞાનને વસાવ, તારા ઉર મંદિરમાં. ( ૮ )

રચયિતાઃ—**મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.**

**પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિની ૭૯મી જન્મજયંતિ નિમિત્તે**

# વર્ષાભિનંદન સ્તુતિ.

દોહરો.

સંવત ભૂજ સહસ્રીશર( ૨૦૦૫ ), મંગલ નવલ પ્રભાત;
કુમકુમ વર્ણી ખીલતી, પ્રભા ભાનુ ઉદ્યાત.

હરિગીત

વિક્રમતણા શરૂ વર્ષની, શુભ ભાઇબીજ સોહામણી,
ઉજવાય ઘરઘર પ્રેમથી, લે લ્હાણુ આનંદની ઘણી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ય એ દિવસ અમૂલો, વીરશાસને સોહાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૧
દીક્ષા લઈ શિશુવયમહીં, વટ્પુર વિખ્યાતું કર્યું,
પંજાબમાં વસી પ્રેમથી, અજ્ઞાન જનતાનું હર્યું;
વિજ્ઞાનથી વીર કેશરીનું, માન મહદ્ અપાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૨
લોકોતણું હરવા તિમિર, બહુ પાઠશાળાઓ કરી,
દુઃખી જનોનાં દુઃખ હરવા, દિલમાં શાંતિ ધરી;
પ્રભુતા પ્રસારી પ્રણયથી, પ્રભુતુલ્ય જે પૂજાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૩
છે આત્મબળ જેનું અનુપમ, કાળની સામે ગયા,
દૈવી પ્રભાની સ્હાયતાથી, વિજય વરતાવી રહ્યા;
આવ્યા શ્રીમંતો તેડવા, નિજ સ્થાન નવ છોડાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૪
કષ્ટો ઘણાં દિલડે સહ્યાં, પણ ફર્જ નવ ચૂક્યા જરી,
નવ દુભવ્યાં હૃદયો નિમંત્રિત, શ્રાવકે વિનંતી કરી;
અજ્ઞાન તિમિર ટાળવા, વીરધર્મ બોધ અપાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૫
શાંતમૂર્તિ દિવ્યતા, દિલથી દયા ઝરણું વહે,
પાવન થતા પતિતો જગે, વાણી સુધા હૃદયે ગ્રહે;
અહિંસાતણો ડંકો વગાડ્યો, વિજય ધ્વજ ફરકાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૬
મહાવીર જૈન વિદ્યાલયે, વિશ્વે વિજેતા જે થયા,
બૉર્ડીંગ પુસ્તક વાંચનાલય, વિવિધ સ્થળ સ્થાપી રહ્યા;
એ દિવ્ય કીર્તિ અમર જ્યોતિથી, જીવન ઝળકાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૭
સોહાવતા ગુરુવર્ય, આત્મારામ શિષ્યપદે જગે,
શાસનતણી ઉચ્ચ ભાવના, વ્યાપી રહી છે રગે રગે;
ઉદ્ધાર કરવા અબુધ જનનો, અવતાર જગત મનાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૮
કલિકાળકલ્પતરુ સમા, ગુરુવર્ય જગ વંદાય છે,
પ્રેમ જ્યોતિ ઝળકતી, પ્રભુતાવડે પંકાય છે;
નામે ચરણમાં શિષ્ય **વિનય**, હૃદય અતિ પ્રફુલ્લાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૯

રચયિતા:—**મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'આરામની આવશ્યકતા'

( લેખકઃ-આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ)

જ્યારે માનવી હૃદય આદિના જીવલેણ રોગોથી ઘેરાઇ જાય છે ત્યારે ડૉકટરો આરામ લેવાની સલાહ આપે છે. જ્યારે માનવી આરામ લે છે ત્યારે તે ભયંકર રોગોની પકડમાંથી છૂટી જઈને આરોગ્યતા મેળવે છે. પાંચ સાત કલાક શારીરિક શ્રમ કરવાથી માણુસ થાકી જાય છે ત્યારે તેને આરામ લેવાની જરૂર પડે છે. તે જ્યારે આરામ લે છે ત્યારે તેને શાંતિ મળે છે. બે-ત્રણ કલાક સતત બોલ્યા પછી મૌન ધારણ કરીને આરામ લેવો પડે છે. આ પ્રમાણે શ્રમ કરનારાઓ શ્રમિત થવાથી ફરજિયાત કે મરજિયાત આરામ લે તો જ તેમનાં જીવન આધિ-વ્યાધિના આશ્રિત બની શકતાં નથી અને મોતના સાથી બની માનવ જીવન ખોઇ બેસતા નથી. કુદરત તરફથી આરામ લેવા માટે રાત્રિની વ્યવસ્થા કરવામાં આવી છે. જેઓ લોભને લઇને આખો દિવસ કામે વળગ્યા રહે છે અને મરજિયાત આરામ લેતા નથી તેમને પણ રાત પડે ત્યારે ફરજિયાત આરામ લેવો પડે છે. દિવસમાં પણ શક્તિ ઉપરાંત કામ કરનારને માટે ઊંઘની વ્યવસ્થા કરી છે, એટલે તેમને વધુ શ્રમ થવાથી ઊંઘનો આશ્રય લેવો પડે છે. કદાચ માનવી અમર્યાદિત તૃષ્ણાને આધીન થઇને કુદરતની વ્યવસ્થાને ન ગણકારે તો તેને કુદરત તરફથી સજા કરવામાં આવે છે, એટલે કે અનેક પ્રકારની વ્યાધિઓદ્વારા મહિનાઓ સુધી આરામ લેવાની ફરજ પાડવામાં આવે છે.

આરામ એટલે મન-વચન અથવા તો મન-કાયાવડે કોઇ પણ પ્રકારની આરંભેલી પ્રવૃત્તિમાંથી વિરામ પામી જવું અથવા તો મર્યાદિત કે અમર્યાદિત કાળ માટે આદરેલું કામ મનમાંથી વિસારી દેવું. કોઇ પણ પ્રવૃત્તિમાંથી વચન તથા કાયાને બહાર કાઢવાં તે સહેલું કામ છે; પણ મનને બહાર કાઢવું ઘણું જ કઠણ છે. જ્યાં સુધી મનને પ્રવૃત્તિમાંથી બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી વચન તથા કાયા બહાર નીકળવા છતાં પણ આરામ મળી શકતો નથી અને એટલા માટે જ પ્રવૃત્તિમાં લીન બનેલા મનને રોકીને આરામ મેળવવા ઘણા માણસો ઘેનની દવા લે છે પણ તે વાસ્તવિક આરામ નથી, બનાવટી હોય છે. ઘેનમાં પડી રહેવાથી બેશુદ્ધ થવાય છે પણ શાંતિ મળી શકતી નથી. બનાવટી નિદ્રાથી બીજી વિકૃતિયો થવાનો ભય રહે છે તે સ્વાભાવિક નિદ્રામાં હોતો નથી. સમજણપૂર્વક મનને પ્રવૃત્તિમાંથી બહાર કાઢીને નિવૃત્તિ મેળવવામાં જે શાંતિ મળી શકે છે તે ઘેનની દવા લઇ ઊંઘી જવાથી મળી શકતી નથી. આરામ બે પ્રકારનો હોવાથી શાંતિ પણ બે પ્રકારની હોય છે અને તે દ્રવ્ય તથા ભાવના નામથી ઓળખાય છે. ઉપર જે કાંઈ આરામ તથા શાંતિનો વિચાર કરવામાં આવ્યો છે તે દ્રવ્યથી છે, અને જે શ્રમથી આરામ લેવાનો કહ્યો છે તે પણ દ્રવ્ય શ્રમને આશ્રયીને છે. નિરંતર રાગ-દ્વેષની પરિણતિને આધીન થઇને જડાસક્તિથી (દુઃપ્રણિધાન) મન-વચન-કાયાનો સદુપયોગ કરવો તે ભાવ શ્રમ કહેવાય છે, અને આત્મદૃષ્ટિથી (સુપ્રણિધાન) મન-વચન-કાયાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદુપયોગ કરવો તે ભાવ આરામ કહેવાય છે અને તે તાત્ત્વિક હોવાથી શાંતિ પણ તાત્ત્વિક મળે છે. દ્રવ્ય શ્રમ જડાસક્તિને લઈને પૌદ્ગલિક સુખ માટે કરવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ તો જીવવાના સાધનો મેળવવાનો હોય છે અને તે ઉપરાંત મિથ્યાજ્ઞાનની પ્રબળતાથી વૈષયિક સુખના સાધનો મેળવવાને માટે પણ કરાય છે. ત્યારે ભાવ શ્રમ વૈષયિક વાસના પોષવાને માટે કરાય છે. દ્રવ્ય શ્રમ તથા ભાવ શ્રમ બંનેમાં રાગ–દ્વેષને અવકાશ હોવાથી મન-વચન–કાયાનો દુરુપયોગ જ થાય છે. કષાય-વિષયગર્ભિત મન–વચન–કાયાની પ્રવૃત્તિને દુઃપ્રણિધાન કહેવામાં આવે છે. દ્રવ્ય શ્રમથી પૌદ્ગલિક સુખના સાધન મેળવાય છે અને ભાવ શ્રમથી ભોગવાય છે માટે જ તે તાત્ત્વિક આરામ કે શાંતિ કહી શકાય નહિ કારણ કે પરિણામે તેમાં અશાંતિ તથા દુઃખ–દુર્ગતિ રહેલાં છે. તાત્ત્વિક આરામ તથા શાંતિ ભોગના ત્યાગથી મળે છે; કારણ કે ત્યાગમાં કષાય તથા વિષયને અવકાશ મળી શકતો નથી અને તેથી અશાંતિ તથા દુઃખ–દુર્ગતિને સ્થાન ન મળવાથી ભાવ આરામ મેળવી શકાય છે. ભાવ આરામમાં ત્યાગની પ્રધાનતા છે અને દ્રવ્ય આરામમાં ભોગની પ્રધાનતા છે. જ્યાં ભોગ હોય છે ત્યાં જ જડાસક્તિ હોવાથી જડાત્મક વસ્તુઓની આવશ્યકતા રહે છે, કારણ કે તે સિવાય તો આસક્તિનો આદર થાય નહિ અને માનેલાં આનંદ તથા શાંતિ ભોગવી શકાય નહિ.

દ્રવ્ય તથા ભાવ બંને પ્રકારના શ્રમ તથા આરામમાં પ્રવૃત્તિ તો હોય જ છે, છતાં શ્રમના વ્યાપારને પ્રવૃત્તિ અને આરામના વ્યાપારને નિવૃત્તિ માનવામાં આવે છે, માટે નિવૃત્તિ પણ એક પ્રકારની પ્રવૃત્તિ જ છે. દ્રવ્ય શ્રમ, દ્રવ્ય આરામ અને ભાવ શ્રમ આ ત્રણના વ્યાપારમાં (પ્રવૃત્તિમાં) દુઃપ્રણિધાન હોવાથી મન–વચન–કાયાનો દુરુપયોગ થાય છે. અને ભાવ આરામ-(નિવૃત્તિ)માં તેનો સદુપયોગ થાય છે કે જેને સુપ્રણિધાન કહેવામાં આવે છે. તાત્ત્વિક શાંતિનું કારણ હોવાથી સમ્યગ્ પ્રવૃત્તિ જ નિવૃત્તિ હોઇ શકે છે છતાં દ્રવ્ય આરામ કે જેમાં અસમ્યક્ પ્રવૃત્તિનો આદર હોય છે તેને પણ નિવૃત્તિ કહેવામાં આવે છે, કારણ કે તેમાં પરિણામે અશાંતિ અને અસુખ હોવા છતાં પણ અતાત્ત્વિક સુખ-શાંતિનો અજ્ઞાની જીવોને અનુભવ થાય છે. તેમજ અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓનો સંસર્ગ અને ભોગ્ય વસ્તુ મેળવવાના શ્રમનો ત્યાગ હોય છે. ભોગ્ય વસ્તુ મેળવવાનો વ્યાપાર તે દ્રવ્ય શ્રમ અને ભોગ્ય વસ્તુ ભોગવવાનો વ્યાપાર તે દ્રવ્ય આરામ કહેવાય છે. તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો ભોગ હોય ત્યાં આરામ હોઇ શકે નહિં, પણ ત્યાગ હોય ત્યાં આરામ હોય છે અને તેથી તેને સાચી નિવૃત્તિ કહેવામાં આવે છે કે જે અંતમાં શાશ્વત સુખના રૂપમાં પરિણમે છે. બાકી દ્રવ્ય આરામ નામની જ નિવૃત્તિ છે, કારણ કે તેમાં નિવૃત્તિસાધક ત્યાગને અંશ માત્ર પણ અવકાશ હોતો નથી અને ભોગ સંપૂર્ણપણે ભળેલો હોય છે, માત્ર ભોગ્ય વસ્તુ મેળવવાના શ્રમના ત્યાગને આશ્રયીને નિવૃત્તિ કહેવાય છે. ત્યારે ભાવ આરામમાં તો ભોગ્ય વસ્તુનો પણ ત્યાગ હોવાથી તાત્ત્વિક આરામની દૃષ્ટિએ નિવૃત્તિ કહેવાય છે. આત્મિક દૃષ્ટિથી ભોગ્ય વસ્તુનો ત્યાગ તે નિવૃત્તિ–આરામ અને આત્મવિકાસનો વ્યાપાર તે પ્રવૃત્તિ અર્થાત્ જડાત્મક વસ્તુ મેળવવાના અને ભોગવવાના શ્રમથી વિરામ પામવું તેને નિવૃત્તિ–પ્રવૃત્તિ કહેવામાં આવે છે, પણ એમ તો બંને નિવૃત્તિ-સ્વરૂપ છે, કારણ કે ભોગ્ય વસ્તુથી વિમુખતા અને આત્મસન્મુખતા બંનેમાં શબ્દભેદ છે, અર્થભેદ નથી.

ભોગની ભાવનાથી પર-પૌદ્ગલિક વસ્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવવાનો વ્યાપાર અને ત્યાગની ભાવનાથી સમ્યગ્ જ્ઞાનાદિ આત્મિક વસ્તુ મેળવવાનો વ્યાપાર બંને વ્યાપાર હોવા છતાં પણ એકને શ્રમ કહેવામાં આવે છે અને બીજાને આરામ કહેવામાં આવે છે, કારણ કે એકમાં પૌદ્ગલિક વસ્તુ મેળવવાની પ્રવૃત્તિ હોય છે અને બીજામાં પૌદ્ગલિક વસ્તુ છોડવાની પ્રવૃત્તિ હોય છે. પરવસ્તુ મેળવાય છે ત્યારે સ્વ વસ્તુ પ્રગટ કરાય છે. જે મેળવાય છે તે ભિન્નગુણ-ધર્મવાળી ભિન્ન વસ્તુ હોય છે અને જે પ્રગટ કરાય છે તે અભિન્નપણે રહેલા માત્ર પોતાના ગુણ-ધર્મ હોય છે અર્થાત્ ભિન્ન વસ્તુને મેળવવી એટલે સંયોગ સંબંધથી પરવસ્તુની સાથે જોડાવું. જે વસ્તુ સંયોગ સંબંધથી જોડાય છે તે દ્રવ્ય સ્વરૂપ હોય છે અને જે વસ્તુ પ્રગટ કરવામાં આવે છે તે અભિન્ન હોવાથી સ્વરૂપ સંબંધવાળી હોય છે એટલે તે ગુણસ્વરૂપ હોય છે. જે દ્રવ્ય સ્વરૂપ વસ્તુ મેળવાય છે તે જીવથી ભિન્ન અજીવ-જડ-દ્રવ્ય હોય છે એટલે તેને મેળવવાને અથવા તો ભોગવવાને જે કાંઇ પ્રવૃત્તિ કરવામાં આવે છે તે શ્રમ જ કહેવાય, પણ આરામ કહી શકાય નહિં. જેટલે અંશે પૌદ્ગલિક વસ્તુઓનો ત્યાગ તેટલે અંશે આરામ કહી શકાય. શાંતિ તથા મુકિત આરામના જ અંગ છે, નિવૃત્તિ પણ ત્યાગસ્વરૂપ છે. જ્યાં સુધી પરવસ્તુના ભોગની ભાવના માત્ર હોય ત્યાં સુધી પણ નિવૃત્તિ કહી શકાય નહિં, ભલે પછી દ્રવ્ય શ્રમથી વિરામ પામવાને નિવૃત્તિ કેમ ન માનવામાં આવે પણ તે સાચી નિવૃત્તિ તો ન જ કહેવાય; કારણ કે દ્રવ્ય શ્રમથી વિરામ પામનારની જડાસકિત તથા ભોગની ભાવના ટળી નથી એટલે જડાત્મક વસ્તુથી તે મુકત નથી તેમજ મેળવવાના શ્રમની ભાવના પણ ભૂંસાઇ નથી તેથી દેખીતી રીતે તો વિશ્રાંતિ વ્યવહારમાં કહી શકાય પણ તાત્વિક દષ્ટિથી તો તે શ્રમથી મુકાયો નથી. મેળવેલી જડાત્મક વસ્તુઓની મમતાના ભારથી તેનો આત્મા શ્રમિત જ હોય છે, અને કહેવાતા દ્રવ્ય આરામમાં પણ ભોગના વ્યાપારથી શ્રમ રહિત બની શકતો નથી. ફક્ત મેળવવાના શ્રમથી ભોગવવાના શ્રમની પ્રવૃત્તિ ભિન્ન પ્રકારની હોય છે તેથી તેવી પ્રવૃત્તિને શ્રમ ન કહેતાં આરામ કહ્યો છે. આવો આરામ ભાવ શ્રમ તરીકે કહી શકાય, કારણ કે વૈષયિક વાસના પોષવા વ્યાપાર કરવો તે ભાવ શ્રમ અને વાસનાની ક્ષણિક તૃપ્તિ થવી તે વિશ્રાંતિ. આવી વિશ્રાંતિ અશાંતિથી ભિન્ન નથી, કારણ કે ક્ષણિક તૃપ્તિ દ્રવ્ય શ્રમના ત્યાગરૂપ આરામની વિઘાતક છે. એટલે અતૃપ્તિ વૈષયિક સુખના સાધન વધુ મેળવવા દ્રવ્ય શ્રમની આશ્રિત બનાવે છે. અતૃપ્ત ભાવે નિરંતર શ્રમ યુકત રહેવાથી અલ્પકાળ માટે શ્રમ યુક્ત બની આરામ લઇ શકાય છે. જો કે આરામની અવસ્થામાં દ્રવ્ય શ્રમ રહિત જણાય છે પણ ભાવ શ્રમથી છૂટી શકાતું નથી. જે ભોગ માટે શ્રમનો ત્યાગ તે ભોગ સંયોગજન્ય હોવાથી ભોગ અવસ્થામાં ભોગના પ્રમાણમાં સંયોગી જડાત્મક વસ્તુનો વિયોગ થતો જાય છે એટલે ભોગ્ય વસ્તુના વિયોગથી ભોગ ભાવનાની પ્રબળતા આસક્તિ ભાવને વધારે પોષવાવાળી બને છે એટલે ભોગ્ય વસ્તુ મેળવવા કલ્પના કરેલા આરામનો ત્યાગ કરવો પડે છે. દ્રવ્ય શ્રમના ત્યાગરૂપ કલ્પિત આરામ ભોગ ભાવનાનો ઉત્તેજક છે, કારણ કે દ્રવ્ય શ્રમથી મેળવેલી જડાત્મક વસ્તુ ભોગવવાને દ્રવ્ય આરામ પ્રેરે છે તેથી માનવી ભોગ તરફ વળીને ભાવ શ્રમ કરે છે. અને તે ભાવ શ્રમ દ્રવ્ય શ્રમનો ઉત્પાદક બને છે. આ પ્રમાણે ભોગ ભાવનાવાળો આરામ-નિવૃત્તિ-વિશ્રાંતિ અને શાંતિ બધાય અતાત્ત્વિક છે. તેથી તે આરામસ્વરૂપ નિવૃત્તિ કે ભોગસ્વરૂપ વિશ્રાંતિ તથા શાંતિ તાત્વિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાતા અને જ્ઞેય

લેખકઃ—સન્માર્ગઇચ્છક

સરાગ હૃદયવડે જાણવા યોગ્ય પદાર્થનું જ્ઞાન કરવું તે મનુષ્યોને દુઃખનું કારણ થાય છે અને રાગ વિનાના મનવડે જ્ઞેયનું જ્ઞાન કરવું તે નિશ્ચયથી સુખનું જ કારણ થાય છે.

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ ત્રણે એક બીજાની અપેક્ષા રાખનાર છે. જ્ઞાતા એટલે જાણવાવાળો આત્મા, જ્ઞેય એટલે જાણવા યોગ્ય પદાર્થો અને જ્ઞાતા તથા જ્ઞેયના સંબંધરૂપ ક્રિયા તે જ્ઞાન છે. જ્ઞેયનો જ્ઞાતા કોઇ હોવો જોઇએ, અને જ્ઞાતાનું જ્ઞેય પણ કોઇ હોવું જોઇએ. આત્મા જ્ઞાતા–જાણનાર છે. તેનું જ્ઞેય જાણવા યોગ્ય આ સકળ વિશ્વ છે. જ્ઞાતા પોતાની જે શક્તિવડે જ્ઞેયને પોતાની જાણવારૂપ સત્તામાં લે છે તે જ્ઞાન જુદું નથી એટલે જ્ઞાતા આત્મા અને જ્ઞેય વિશ્વના પદાર્થો એમ બે ભાગમાં વિશ્વને વહેંચવામાં આવ્યું છે. અર્થાત્ જડ અને ચેતન બે પદાર્થો વિશ્વમાં છે. અથવા વિશ્વ જડ–ચેતન એમ બે રૂપે છે.

જ્ઞાતા રાગવાળી લાગણીએ જ્યારે પોતાના જ્ઞેયનું જ્ઞાન કરે છે ત્યારે તે જીવને તેમાંથી કર્મબંધન થતાં દુઃખની પ્રાપ્તિ થાય છે, પણ જ્ઞાતા એવો આત્મા જ્યારે પોતાની રાગ વિનાની મધ્યસ્થતાવાળી લાગણીએ જાણવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન કરે છે ત્યારે જીવને સુખની પ્રાપ્તિ થાય છે.

આત્માનો સ્વભાવ જ્ઞાતા અને દ્રષ્ટા છે. તે દરેક પદાર્થને જાણશે અને જોશે તેથી કાંઈ નુકસાન જેવું નથી, પણ જ્યારે આત્મા પોતાના રાગ દ્વેષવાળા પરિણામે પરિણમીને પોતાના જ્ઞેય પદાર્થ તરફ જુએ છે ત્યારે જેમ લોહચુંબકની શક્તિવડે લોઢું લોહચુંબક તરફ ખેંચાઇ આવે છે તેમ આત્માના રાગદ્વેષવાળા પરિણામરૂપ લોહચુંબક તરફ કર્મવર્ગણાને લાયકના પરમાણુઓનો જથ્થો ખેંચાઇ આવે છે અને તે રાગદ્વેષરૂપ ચીકાશની સાથે લોઢાની સાથે જેમ અગ્નિ અથવા દૂધની સાથે જેમ પાણી રહે છે તેમ એકરસ થઇને આવરણ યા મળરૂપે રહે છે. બીજી રીતે કહીએ તો આ રાગદ્વેષની તીવ્રતા કે મંદતાના પ્રમાણમાં ખેંચાઇ આવેલી કર્મવર્ગણાઓ બીજરૂપે સત્તામાં જમા થઇને રહે છે અને કાળાંતરે તેમાંથી તેનાં ફળરૂપે સુખ દુઃખ પ્રગટ થાય છે.

આ જ કારણથી કહેવામાં આવ્યું છે કે–સરાગ ચિત્તવડે જ્ઞાતા જ્ઞેયને જાણે તો તે જીવને પરિણામે દુઃખરૂપ થાય છે, તેમાંથી દુઃખ પ્રગટે છે.

આત્મા રાગદ્વેષની લાગણીવડે જ્ઞેયને જાણે એ એક જાતની આત્માની ગતિ છે. આત્મા જાણવારૂપ કાર્યમાં પ્રવૃત્તિ કરે તે પોતાના સ્થિર સ્વરૂપમાંથી ગતિમાં મૂકાવારૂપ છે. આ ગતિ છે. તે જાગૃતિવાળી ગતિ ન હોવાથી આત્મા કર્મના બંધનથી બંધાય છે.

આત્મા વૈરાગિત મનવડે અથવા રાગદ્વેષ સિવામની લાગણીવડે પોતાના જ્ઞેય પદાર્થનું જ્ઞાન કરે છે ત્યારે તેને સુખની પ્રાપ્તિ થાય છે. આ પ્રવૃત્તિ તે

---

આરામ–આનંદ તથા સુખ-શાંતિના સંપૂર્ણ બાધક છે. ત્યારે તાત્ત્વિક આરામ નિવૃત્તિ–વિશ્રાંતિ તથા શાંતિ શાશ્વત–સુખ તથા આનંદના ઉત્પાદક છે અને તે ઉપર કહ્યા પ્રમાણે જડાત્મક વસ્તુઓના ત્યાગરૂપ આરામ–નિવૃત્તિથી પ્રગટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માની સવળી બાજુની છે. જેથી તે કર્મથી બંધાતો નથી પણ ઊલટો છૂટે છે. ગતિ તો પ્રથમની અને આ બન્ને કહેવાય, છતાં પ્રથમની ગતિ અવળી છે અને આ બીજી ગતિ રાગદ્વેષ સિવાય થતી હોવાથી સવળી છે; તેથી નવીન કર્મબંધ થતો નથી કેમકે મધ્યસ્થદષ્ટિએ દરેક પદાર્થને જુએ છે. જેમ ઘરની અંદર દીવાના પ્રકાશવડે અને બહાર સૂર્યના પ્રકાશવડે મનુષ્યો સારી અને ખોટી બન્ને જાતની પ્રવૃત્તિ કરે છે, તેમાં દીવો તથા સૂર્ય મધ્યસ્થ હોવાથી જ્ઞાતા દ્રષ્ટા તરીકે રહેલા હોવાથી, રાગદ્વેષની લાગણીવાળા ન હોવાથી, કર્તા ભોકતા તરીકે વર્તતા ન હોવાથી અને પોતાના સ્વભાવ પ્રમાણે પ્રકાશ કરતા હોવાથી પેલા મનુષ્યની માફક રાગદ્વેષથી બંધાતા નથી. તેમ આત્મા પણ શુભ અશુભ કે અશુદ્ધ ઉપયોગે પરિણમેલો ન હોવાથી શુભાશુભ બંધન પામતો નથી, અને પરિણામે તેને સુખની–આત્માના આનંદની પ્રાપ્તિ થાય છે.

મધ્યસ્થદષ્ટિએ વસ્તુતત્ત્વનો નિર્ણય કરવા માટે કોઈ પણ જીવ વિશ્વમાં જાણવા યોગ્ય પદાર્થનો વિચાર કરે કે જુએ તો તેથી કર્મબંધન થતું નથી, પણ રાગદ્વેષની લાગણીવાળા કે કર્તા ભોક્તાપણાના અભિમાની વિચાર કે વર્તનથી જ કર્મ બંધાય છે. આ જ્ઞેય–જાણવા યોગ્ય પદાર્થો સજીવ અને નિર્જીવ બે પ્રકારના છે અને તે લોકાલોકમાં આવી રહેલા છે. લોક કે જેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલ અને આત્મા. આ છ પદાર્થો રહેલા છે તેને કહે છે. અલોકમાં કેવળ આકાશ છે, અલોક કરતાં પણ તે અનંતગુણો છે. તે જ્ઞાનનો વિષય છે, પણ તેમાં આકાશ સિવાય જાણવા જોવા જેવું કાંઈ નથી.

લોક ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. આ જે પૃથ્વી ઉપર આપણે રહ્યા છીએ તેની નીચે આવેલા ભાગને અધોલોક કહે છે. આપણી ઉપરના ભાગને ઉર્ધ્વ લોક કહે છે અને આપણે જ્યાં રહ્યા છીએ તે ભાગને તિર્ચ્છા લોક કહે છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ આ ચાર દ્રવ્યો પ્રાયે આપણને કર્મબંધનમાં કારણભૂત નથી. તે આ દૃષ્ટિએ દેખાય તેવા નથી, તેમજ તેનો લાભ અનિચ્છાએ આપણને મળે છે. જેનો પ્રત્યક્ષ સમાગમ થતો નથી તેમજ ઇચ્છાપૂર્વક તેની જરૂરિયાત આપણને નથી એટલે તેઓની અદૃશ્ય હયાતિ આપણને નુકસાનકારક પણ નથી.

દેહ વિનાના આત્માઓ તે સિદ્ધ પરમાત્માના જીવો છે. તેઓ પણ આપણને કોઇ રીતે નુકસાન કરતાં નથી. હવે બાકી રહ્યા તે દેહધારી આત્માઓ અને પુદ્ગલો. પુદ્ગલોમાં કેટલાક આત્માની સાથે જોડાયેલા દેહ કર્માદિરૂપે છે અને કેટલાક છૂટા છે, તે બન્ને જ્ઞેય આપણને મોટે ભાગે કર્મબંધનમાં નિમિત્ત કારણ છે.

આ બન્ને સજીવ નિર્જીવ પદાર્થમાં આત્મા તે તે આકારે રાગદ્વેષના પરિણામે પરિણમવાનો સંભવ છે. આવા પદાર્થો ત્રણે લોકમાં રહેલા છે.

વિશ્વમાં જે જે સારામાં સારી વસ્તુઓ દેખાય છે તે તે પુન્ય પ્રકૃતિનું કારણ છે. પુન્યથી તે વસ્તુ મળે છે. જેઓ તે તે વસ્તુને, અધિકારને અને સ્થિતિને પામ્યા છે તે તે સર્વ જીવો પોતાની કરેલી કમાણીનો જ અનુભવ કરે છે. અને વિશ્વમાં જે જે દુઃખી જીવો છે તે સર્વે જીવો પોતાના હલકા કર્તવ્યનો બદલો અનુભવે છે. આત્મા ધારે તો આ વિશ્વનો પૂજનિક બની શકે તેમ છે અને ખરાબ રસ્તે આત્માને દોરવે તો વિશ્વનો દાસ પણ થઇ શકે છે, બન્ને બાજી આત્માના ઘરની અને હાથની છે. આ સુખ દુઃખ સિવાયની ત્રીજી સ્થિતિ આત્મજાગૃતિની છે. પ્રથમની પુન્યપાપની સ્થિતિમાં આત્મજાગૃતિ ભુલાયેલી હોય છે. આત્મજાગૃતિપૂર્વક આ વિશ્વમાં વર્તન કરવામાં આવે તો વિશ્વમાં એવો કોઇ મોહક કે દ્વેષવાળો પદાર્થ નથી કે તેને પરાણે વળગી પડે અને કર્મબંધન કરાવે.

ખરી રીતે નિમિત્ત કારણો આત્માની નબળાઇ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાસ્ત્રમાં આવતાં કેટલાંક ભૌગોલિક સ્થળોનાં નામો.

લેખક—મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ.

વિક્રમ-સં૦ ૨૦૦૦ માં દમણ( દક્ષિણ-ગુજરાત )માં ચાતુર્માસ પૂરું કરી ૨૦૦૧ ના માહ માસમાં અમે મુંબઈ આવ્યા. ત્યાં શહેર અને પરામાં ત્રણેક માસની સ્થિરતા કરી દક્ષિણ દેશ તરફ વિહાર કર્યો ત્યારે મુખ્યત: નાનાં-મોટાં તીર્થોની યાત્રા કરવાની તેમજ અનુષંગે વિદ્યાલયો-પુસ્તકાલયો જોવાની ઇચ્છા હતી. આમ વિહાર કરતાં અમારું પ્રથમ ચાતુર્માસ મુંબઇથી ૫૪ માઇલ દૂર થાણા જીલ્લાના શહાપુર ગામમાં થયું. આ વખતે ભૂગોળ સંબંધી મારું જ્ઞાન નહિંવત હતું પણ જેમ જેમ વિહાર લંબાતો ગયો તેમ તેમ ભૌગોલિક જ્ઞાનની વધારે ને વધારે જરૂર જણાતી ગઇ. વળી શાસ્ત્રમાં આવતાં તીર્થંકરોનાં કલ્યાણકસ્થાનો અને મહાપુરુષોના વિહાર-ક્ષેત્રના જ્ઞાનના અભાવે તે તે વિષયનો તલ-સ્પર્શી બોધ અને સાક્ષાત્કાર થઇ શકતો નથી એમ લાગ્યું એટલે તેના પ્રત્યે રસ જાગ્યો, ભૂગોળ સંબંધી ઇંગ્લીશ પુસ્તકો વાંચ્યાં, નકશાઓ જોયા અને જેમ જેમ લાભ જણાયો તેમ તેમ રસ વધ્યો. ત્યાંથી વિહાર કરી ૨૦૦૨ ના પોષ માસમાં પૂના આવ્યા.

આ વખતે શાસ્ત્રમાં આવતા દક્ષિણમાં પ્રતિષ્ઠાનપુર સંબંધી ઘણી ખોજ કરી. છેવટે મરાઠી ભૂગોળમાંથી તેનો પત્તો મળ્યો જેનું વર્ણન આગળ કરું છું.

આમ પૂનામાં અમારા વસવાટ દરમ્યાન શહેરથી બે માઇલ દૂર એક ટેકરીની નજીકમાં ભાંડારકર ઈન્સ્ટીટયુટ નામના પુસ્તકાલયને જોવા ગયા. ત્યાં હસ્તલિખિત તેમજ મુદ્રિત અનેક પુસ્તકોનો સંગ્રહ છે. તેમાં જૈન દર્શનના હસ્તલિખિત તેમજ મુદ્રિત સેંકડો પુસ્તકો છે. તે સિવાય અન્ય દર્શનનાં મુદ્રિત-અમુદ્રિતનો મોટો સંગ્રહ છે. ત્યાંનો વિશાળ સંગ્રહ અને વ્યવસ્થા તથા મકાનની સુરક્ષિતતા જોઇને મને થયું કે આપણે ત્યાં અમદાવાદના કોઇ સારા લત્તામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આવો સુંદર અને સુરક્ષિત જ્ઞાન-ભંડાર તૈયાર થાય તો કેવું સારું ? આ બાબત પેઢીના ટ્રસ્ટી શેઠ મયાભાઇ સાંકળચંદને વર્ષો પહેલાં મેં અમદાવાદમાં કહેલું પણ તેનું કાંઇ પરિણામ આવ્યું નહોતું. હજી પણ પેઢીના ટ્રસ્ટીઓ આ વાતને ધ્યાનમાં લે તો

---

નો જ લાભ લે છે. જો આત્મા બળવાન અને પૂરી જાગૃતિવાળો હોય તો કોઇ પદાર્થ તેને પરાણે રાગ-દ્વેષ કે કર્મ વળગાડવાને સમર્થ નથી. જ્યારે આ જીવ આત્મભાન ભૂલી પદાર્થો તરફ રાગદ્વેષવાળી લાગ-ણીથી પરિણમે છે, જુએ છે ત્યારે જ તે પદાર્થો તેના તરફ આકર્ષાય છે અથવા પોતે તેમાં આસક્ત બની તેને પોતાના કરવા પ્રયત્ન કરતાં તેમાં ફસાઇ પડે છે; માટે જ કહેવામાં આવ્યું છે કે આત્માનો જ્ઞાતા-દ્દષ્ટા સ્વભાવ છે, છતાં જો સરાગ દૃષ્ટિએ તે જ્ઞાતા જ્ઞેય પદાર્થ તરફ પરિણમે તો દુઃખદાયી કર્મબંધન પામે છે અને વિરાગ દૃષ્ટિએ પરિણમતા વસ્તુનો નિશ્ચય કરી તેમાંથી વિરક્ત બને છે તો કર્મબંધનથી મુક્ત થઇ છેવટે શાશ્વત સુખનો ભોક્તા બને છે.

( આત્મવિશુદ્ધિમાંથી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામ સારું નિપજાવી શકે અને જ્ઞાનભંડારની ખોટ પુરાઇ જાય.

આ સિવાય ડેક્કન કૉલેજ અને ફરગ્યુસન કૉલેજનાં તથા બીજા પણ નાના મોટાં પુસ્તકાલયો જોયાં જેમાંથી ઘણાં પુસ્તકો મારા શિષ્ય જંબુવિજયજીને તેમના નયચક્રના સંપાદનકાર્યમાં ઉપયોગી થયાં છે.

પરદર્શનના પંડિતો અને પ્રૉફેસરો આપણા પરિચય માટે ઉત્સુક અને અભિલાષી હોય છે. સાથે સાથે સજ્જન અને ઉદાર પણ હોય છે. તે પૈકીના એક ફરગ્યુસન કૉલેજના સજ્જન અને ઘણી ભાષાના જ્ઞાતા પ્રૉ૦ ગોખલે કે જેઓ હમણાં હિંદ–સરકાર તરફથી ટીબેટ ખાતે એલચી તરીકે નિમાયા છે, તેમની સાથેના ગાઢ સંબંધથી તેમના દ્વારા અલભ્ય અને દુર્લભ પુસ્તકો સહેલાઇથી વાંચવા મળી શકયાં હતાં જે પુસ્તકોએ નયચક્રના સંપાદનકાર્યમાં ઘણી સહાય કરી છે.

## પ્રતિષ્ઠાનપુરની અતિ પ્રાચીનતા.

આ નગરની ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મહત્તા છે. આ નગર શ્રી **ધન્યકુમાર** કે જેઓ સંસારી સંબંધથી શાલિભદ્રના બનેવી થાય અને અંતે ભગવાન્ મહાવીરના શિષ્ય થયા અને વૈભારગિરિ ઉપર અનશન કરી, કાળ કરી અનુત્તર વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા તેમની જન્મભૂમિ, **ઝાંઝરીઆમુનિ** કે જેઓ ત્યાંના રાજા મકરધ્વજ અને રાણી મદનસેનાના પુત્ર નામે મદનબ્રહ્મ હતા. તેમની જન્મભૂમિ, નિમિત્તવેત્તા **ભદ્રબાહુસ્વામી** કે જેઓ ચોથા પ્રભાવક તરીકે ઓળખાય છે અને વરાહમિહિરના બંધુ થાય તેમની જન્મભૂમિ, અને શાતવાહન રાજાના વખતમાં રાજાની વિનતિથી **કાલકાચાર્ય** ભગવાન્ મહાવીરના નિર્વાણ પછી ૬૦૫ વર્ષે અને વિ૦ સં. ૧૩૫માં પંચમીની સંવત્સરી બદલીને ચોથની પ્રવર્તાવી તે સ્થળ, ત્યાર પછી થોડા વર્ષે એટલે વિ૦ સં૦ ૧૩૯માં મથુરા નજીકના કોઇ પ્રદેશમાં રથવીરપુર નગરમાં શિવભૂતિ નામના સાધુએ દિગંબર મત પ્રવર્તાવ્યો. આ સિવાય બીજા પણ અનેક બનાવો આ નગરમાં બન્યાના ઉલ્લેખો વ્યવહારસૂત્ર વિ૦ અનેક ગ્રન્થોમાં આવે છે. આ શહેર અત્યારે પૈઠણના નામથી ઓળખાય છે, જેના પાદરમાંથી ગોદાવરી નદી વહીને પૂર્વ દિશામાં બંગાળી ઉપસાગરને મળે છે. આ શહેર અત્યાર સુધી દક્ષિણ હૈદ્રાબાદ રાજ્યના ઔરંગાબાદ જીલ્લામાં નિઝામ સરકારના અમલ નીચે હતું. હમણાં થોડા વખતથી હિંદ સરકારના અમલ નીચે છે અને અહમદનગરની નજીકમાં છે.

## પુરી

જે નગરમાં અંતિમ દશ પૂર્વધર વજ્રસ્વામી ઉત્તર દેશમાં દુષ્કાળના લીધે પીડાતા સાધુ–સંઘને પટ ઉપર બેસાડી આકાશમાર્ગે થઇને લઇ ગયા હતા તે આજના ઓરીસ્સા પ્રાંતમાં સમુદ્રકિનારે આવેલી જગન્નાથપુરીના નામથી ઓળખાય છે.

**ચાર પ્રત્યેકબુદ્ધની** જન્મભૂમિ તથા રાજધાનીનાં સ્થળો.

**करकंडू कलिंगेसु पंचालेसु य दुम्महो।**
**नमीराया विदेहेसु गंधारेसु य नग्गइ॥**

કરકંડુ નામના પ્રત્યેકબુદ્ધ કે જેમને એક વૃદ્ધ વૃષભને દુઃખી જોઇને વૈરાગ્ય થવાથી સ્વયં દીક્ષા લઇ આરાધના કરી મોક્ષમાં ગયા તેમની રાજધાની અને જૈન રાજા ખારવેલની રાજધાની કલિંગદેશમાં કંચનપુર તે આજનું ઓરીસ્સા પ્રાન્તમાં જગન્નાથપુરીની નજીકમાં આવેલું ભુવનેશ્વર છે કે જેને ભવિષ્યમાં ઓરીસ્સાનું પાટનગર કરવાનું હિંદ સરકારે નક્કી કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાજા દ્વિમુખની** રાજધાની પંચાલદેશમાં હતી જે આજે સંયુક્ત પ્રાન્તમાં રોહિલખંડના નામથી ઓળખાય છે. તેમણે સ્વયં દીક્ષા લઇ આરાધના કરી મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે.

**નમિરાજાની** જન્મભૂમિ અને રાજધાની વિદેહ દેશની મિથિલા નામની નગરી તે આજે બિહાર પ્રાન્તમાં ગંગાના ઉત્તર કિનારે આવેલો ભાગ છે જેમણે સ્વયં દીક્ષા લઇ આરાધના કરી મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે. ભગવાન્ મલ્લિનાથ અને નેમિનાથની જન્મભૂમિ પણ મિથિલા છે.

**નગ્ગઇ**—ગંધાર દેશમાં પુરુષપુર નગરના રાજા હતા. તેમને ઉત્તરાધ્યયન સૂત્રમાં ટીકાકાર ઉ૦ ભાવવિજયજી ગણીએ નગ–ગઇ એટલે હમેશાં નગ એટલે પર્વત પાસે જતા હતા તેથી તેમનું નામ નગ્ગઇ પડયું છે એમ લખ્યું છે, પણ આવશ્યક વૃત્તિમાં ટીકાકારે નગ્નજિત્ નામના રાજા હતા એમ જણાવ્યું છે, તેનો પ્રાકૃતમાં નગ્ગઈ પર્યાય થાય અને પ્રાકૃત વ્યાકરણના આધારે પણ નગ્નજિતનું નગ્ગઈ રૂપ સિદ્ધ થાય છે. તે પુરુષપુર આજનું હિંદની ઉત્તરમાં કંદહાર પ્રદેશમાં આવેલું પેશાવર છે, જ્યાં હમણાં સુધી બૌદ્ધ મઠો હતા. જે નગરમાં તદ્‌ભવમોક્ષગામી મહાપુરુષોનો જન્મ થયો ત્યાં આજે આર્યપુરુષ શોધ્યો જડે તેમ નથી. આ રીતે ચારે પ્રત્યેકબુદ્ધ મહાપુરુષોનાં જન્મસ્થળ અને રાજધાનીનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના ૧૮મા અધ્યયનની ૪૬મી ગાથાના આધારે વર્તમાન કાળની ભૂગોળને સન્મુખ રાખીને કર્યું છે. વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ મૂળ સ્થળ જોઇ લેવું.

ચરકસંહિતાની પ્રસ્તાવનામાં પણ નગ્ગઇ રાજાને નગ્નજિત્ રાજા તરીકે વર્ણવ્યા છે. આ ચારે પ્રત્યેકબુદ્ધ મહાપુરુષો ભગવાન્ મહાવીરના સમકાલીન થયા છે. સામાન્ય રીતે પ્રત્યેકબુદ્ધો માટે એવો નિયમ છે કે તેઓ એક બીજા મળતા નથી, અને કદાચ મળે તો પરસ્પર બોલતા નથી પણ આ એક વિશિષ્ટ બનાવ છે કે આ ચારે પ્રત્યેકબુદ્ધો એક યક્ષના મંદિરમાં ભેગા થયા છે અને અનુક્રમે બોલ્યા પણ છે. શ્રીપાળકુંવરના દક્ષિણમાં પર્યટનના સ્થળો મળી શકયાં તેટલાં આ માસિકનાં ગયા ચૈત્રમાસના અંકમાં આપ્યાં છે. જાણવાની ઇચ્છાવાળાએ તે અંકમાંથી જોઇ લેવું.

* ઇંદ્રિયોને આધીન થવું તે દુઃખી થવાનો માર્ગ છે અને ઇંદ્રિયોને વશ કરી લેવી તે સુખી થવાનો સુમાર્ગ છે.

* કોઇ કોઇને સુખી કે દુ:ખી કરી શકતું જ નથી. કર્મને અનુસારે બધું થાય છે. બીજા તો નિમિત્ત માત્ર છે.

* ધર્મ એજ ધન છે એવી શ્રદ્ધા હંમેશા મનમાં સેવવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનપંચમી તપ આરાધો

લેખક—મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

**જ્ઞાનપંચમી** એટલે સમસ્ત પર્વતિથિઓમાં આધિપત્ય ભોગવતો મહાન પર્વ દિવસ. જ્ઞાનપંચમી એટલે માનવ જીવનનાં અજ્ઞાનને, કલુષિત વાતાવરણોને તિલાંજલિ આપી અનેરા આહલાદની ઉચ્ચ સામગ્રી એકઠી કરનાર પવિત્ર પર્વ. જ્ઞાનપંચમી એટલે અમાવાસ્યાનું અંધારું નહિ પણ શીતળ પૂર્ણિમાની પૂર્ણ જ્ઞાનજ્યોત્સના. જ્ઞાનપંચમી એટલે પંચેદ્રિયનું દમન કરી શરીર આરૂઢ આત્માને ઉચ્ચ ધ્યેયે One goal પહોંચવા દિવ્ય સામગ્રી તૈયાર કરનાર તિથિ. જ્ઞાનપંચમીતપ એટલે મુક્તિ દ્વારની સોનેરી ચાવી. છેવટમાં જ્ઞાનપંચમી એટલે વરદત્તગુણમંજરી સમા મહામૂલા મૌક્તિકોને સંસારસાગરમાંથી તારી અક્ષય સુખની પ્રાપ્તિ કરાવનાર પર્વ. ઉચ્ચ પવિત્ર સદ્જ્ઞાનને **જ્ઞાનપંચમીતપનો મહિમા** ગણી શકાય. જૈન શાસ્ત્રકારો જણાવે છે કે અજ્ઞાનરૂપી પડલથી આત્માની શુદ્ધતાને જ્વલંત જ્યોતિ ઢંકાઇ ગઇ છે. તે પડલ જ્યારે જ્ઞાનપંચમીના આરાધનથી વિખરાઇ જશે ત્યારે આત્મા સ્વયં જ્યોતિરૂપ હોઇ સંપૂર્ણપણે પ્રકાશી ઊઠશે. વળી જ્ઞાન આ ભવમાં ને પરભવમાં હિતકારક છે, કારણ કે જ્ઞાનથી જ દરેક કાર્યની સિદ્ધિ થાય છે. જ્ઞાનદ્વારા સારું નરસું, સત્ય અસત્ય, વિવેક અવિવેક, કલ્પ્ય અકલ્પ્ય, હેય ઉપાદેય, વિગેરે બાબતો જ્ઞાનદ્વારા સમજી શકાય.

વિશ્વમાં મારા જન્મનું સાર્થક શેમાં છે? આદર્શમય જીવન બનાવવા શું શું કૃત્યો કરવાના છે? "**कोऽहं कुत आगतः**" વિગેરે તત્ત્વ જ્ઞાનનાં સૂત્રોનું મનન જ્ઞાનથી થઇ શકે છે. સૂર્યની જ્યોતિ કરતાં ય જ્ઞાનજ્યોતિ અજબ છે. સૂર્ય તો માત્ર દિવસના જ પ્રકાશે છે, જ્યારે જ્ઞાનજ્યોત્સના તો નિરંતર અહોરાત્ર પ્રકાશે છે. **જ્ઞાનપંચમીતપ** એ અપૂર્વ શક્તિ છે. આધ્યાત્મિક જ્ઞાન સિવાય આત્માનો છૂટકારો નથી એ કથન સત્ય છે.

* સુખ આવે ત્યારે પુણ્યનું આ ફળ છે અને દુઃખ આવે ત્યારે આ પાપનું ફળ છે, એમ નિરંતર વિચારવું, કે જેથી રાગ-દ્વેષનાં બંધન ઓછા થાય.

* જેણે પરસ્ત્રી સામે અસદ્ભાવ કુદૃષ્ટિથી જોયું તેણે પોતાના આત્માને ધૂળમાં રગદોળ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય.

(૫૩)

## નવે નામે. Over again.

### નવે નામે ફરી શરૂઆત કરવી—એ મુશ્કેલ છતાં હિતકારી છે.

નં. ૨.–ધર્મક્ષેત્રમાં બે પ્રકારની વ્યક્તિઓ કામ કરતી દેખાય છે. એક પ્રકારને આંતરવિકાસની લલના લાગેલી હોય છે અને એને બાહ્ય દેખાવ, ઉપચાર કે કૃત્રિમતાને માટે કાંઇ પડેલી હોતી નથી. એ તો પોતાના કામમાં મસ્ત રહે છે, પોતાને રસ્તે ચાલ્યો જાય છે અને લોકો તેને માટે શું ધારે છે કે શું બોલે છે તે જાણવાની કે જણાઇ જાય તો તે પર નિગાહ કરવાની એને વિચારણા પણ થતી નથી. 'શું જાણે જગ બાવરો, શું જાણે જગ અંધ.' દુનિયા એને ગાંડો કે બાવરો માણસ ધારે છે, એને ઘેલો કે અગડબંબ કહે છે: અને એની નજરે દુનિયા અંધ દેખાય છે, પડછાયા પાછળ મરી રહેલી અને અસ્થિર પાછળ વલખાં મારતી દેખાય છે. દુનિયાનો અને તેનો એકે વાતે મેળ બેસતો નથી અને દુનિયા એ શું કરે છે કે એનાં મનોરાજ્ય કયાં વસે છે? એનું આંતર સત્ત્વ કેવું છે? કેટલું અગાધ છે? કેવા મૂલ્યવાન રત્નોથી ભરેલું છે અને એની બેપરવાઇ પાછળ કેવો મોટો મુદ્દો રહેલો છે તે કદી જાણતી નથી, એનો લાભ લેતી નથી, એને બરાબર ઓળખતી પણ નથી. આ એક પ્રકારના મનોરાજ્યમાં વસનાર યોગીઓ હોય છે. એનો ઇતિહાસ જણાયો નથી, લખાયો નથી અને એણે ઇતિહાસમાં રમવા કે અમર થવા કદી સંકલ્પ કે વિચાર સરખો પણ કર્યો હોતો નથી.

બીજા પ્રકારના પ્રાણીઓ પોતાનાં પ્રત્યેક કાર્ય દુનિયાને હિસાબે જ કરે છે. એના કામથી દુનિયા એને માટે શું ધારશે, એને કેટલું માન સન્માન આપશે, એનું સન્માન કેવું થશે, એને સમાજમાં કે સાજનામાં આગળ પડતું સ્થાન કેમ મળશે તેનો જ ખ્યાલ કરે છે. આવા દુન્યવી સાધકો જ્યારે કોઇ વખત છબરડો વાળી નાખે છે અને દુનિયાની નજરે હળવા બની જાય છે ત્યારે ભારે વિમાસણમાં પડી જાય છે. એને માનશિખર ઉપરથી નીચે ઊતરવું પાલવતું નથી અને કરેલ ક્ષતિનો પશ્ચાત્તાપ કરવો ગમતો નથી. એ નવે નામે શરૂઆત કરતા નથી અને પોતાનો સાચો ખોટો બચાવ કરવામાં જિંદગી વેડફી નાખે છે.

પાછા પડેલાને, બાજી હારેલાને, ધર્મ હારી બેઠેલાને, મહાન પાપનો ભોગ બનેલાને પાપનું પ્રાયશ્ચિત્ત કરવું ગમતું નથી, નવે નામે શરૂ કરવું સૂઝતું નથી અને ફરી વખત બાજી રમવામાં પોતાની આબરૂને થતો ધ્રાસ સ્વીકારવો ગમતો નથી. આ વાત અનુચિત છે. જૈનો જેને પ્રતિક્રમણ કહે છે તે કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત અને ભવિષ્યમાં ન કરવાનો નિર્ણય બતાવે છે. એમ કરી જાહેરમાં પાપનો સ્વીકાર કરવો એ ઘણી મુશ્કેલ બાબત છે, પણ જે પ્રાણી ભ્રષ્ટ થઈ ગયા પછી પણ માર્ગાનુસારીપણાથી શરૂઆત કરે છે તે જરૂર આગળ વધે છે અને તેમ કરનાર અંતે પોતાનો વિકાસ સાધે છે. પાછા હઠી નવી શરૂઆત કરવી એ પાકા વિચારનું પરિણામ છે, આત્મજીવનનો પાયો છે, ઉચ્ચગ્રાહની સીડીએ ચઢવાનો ઉત્કટ માર્ગ છે અને પ્રશંસનીય ગુણપ્રાપ્તિનું દ્વાર છે. સાચો ધર્મી પ્રાણી પોતાનું આ સ્થાન બરાબર સમજી તેને સ્વીકારી લે.

---

No. 2. It's difficult to begin over again, but it pays to do so.

(Thoughts of the Great.)

For Private And Personal Use Only

## ( ૫૪ )

## સલાહ લેવી.–Taking Advice.

### સલાહ લેવી—એ મુશ્કેલ છતાં લાભકારી બાબત છે.

**નં. ૩.** ધર્મક્ષેત્રમાં સલાહ આપવાનું કાર્ય શુરુ કરે છે. જયારે જયારે ધર્મજીવનમાં ગૂંચવણ દેખાય, પોતાની ઇચ્છા પ્રમાણે પ્રગતિ ન થાય, વિષય ચર્ચા કે વિચારણામાં ધાટ ન બેસે ત્યારે પોતાના સમાનવયસ્કની અથવા વૃદ્ધ અનુભવીને પૂછવાનું મન થાય છે, પણ વળી મનમાં એમ આવી જાય કે આવી બાબત બીજાને પૂછવા જતાં તે 'આપણામાં એટલી પણ આવડત નહિ હોય' એમ ધારી આપણી અવગણના કરશે, અથવા આપણે માટે હલકો મત બાંધશે. આવા વિચારે પ્રાણી આગળ વધતો નથી અને વગર સલાહે પોતાની રચેલી જાળમાં અટવાયા કરે છે.

એ જ પ્રમાણે તત્ત્વચર્ચામાં કે યોગાનુસંધાનમાં પોતાને ધડ ન બેસે ત્યારે પ્રાણી ચક્કરમાં પડી જાય છે, અથડાય છે, ગોટવાઇ જાય છે અને જ્ઞાન કે યોગાભાસમાં પડી જાય છે. એનું આત્મમાન કે અભિમાન એને પડખેઅડખે પૂછવા દેતું નથી અને યોગ જેવી બાબતમાં એ હઠયોગમાં કે ચક્રભ્રમણમાં પડી જાય છે, અનેકવાર આત્મવંચનામાં અટવાઇ જાય છે અને પછી તો પહેલે પગથિયે પણ ન હોય ત્યાં પોતે શિખર પર ચઢી ગયેલ છે એમ માની પોતાની જાતને હાસ્યાસ્પદ બનાવી મૂકે છે અને પછી ગમે તેવી કુદલીલો કરી પોતાને માર્ગ લાધ્યો છે એવી ભ્રમણામાં પડી જાય છે. જ્ઞાન અને યોગ, ક્રિયા અને ગુણપ્રાપ્તિમાં પ્રાણીએ અન્યની સલાહ લેવાની ખાસ જરૂર હોય છે છતાં ગૌરવના શિખર પર ચઢેલ પ્રાણી એવી સલાહથી વંચિત રહી બાહ્ય દેખાવ કે ઉપરની માન્યતામાં રાચી જઇ મનને મનાવી લે છે.

એને ગુરુને પૂછતાં સંકોચ થાય છે, સહાધ્યાયીને પૂછતાં માનહાનિ જણાય છે, ગમે તેને પૂછતાં પોતાની સ્થાનભ્રષ્ટતા દેખાય છે અને નિરર્થક ગુંગળાઇ અટવાયા કરે છે અથવા સંદેહના રંગે રગડાઇ કીચડમાં ગોથાં ખાધાં કરે છે. અભ્યાસમાં કે યોગપ્રગતિમાં આવા પ્રાણીઓને બહુ નુકસાન થાય છે, વિચારણાની અપૂર્ણતાને એ યોગ્ય દિશાએ લઇ શકતો નથી અને પરિણામે અફળાય છે, કૂટાય છે, હેરાન થાય છે અને સંદેહની કે સંશયની ભઠ્ઠીએ ચઢી આત્મધનને બાળી મૂકે છે. પણ અન્યની સલાહ લેવામાં જાય શું ? આપણી અપૂર્ણતા પૂરી કરવાનું સાધન અન્યની લેવાતી સલાહ છે અને ગુરુ તરફની પરાધીનતામાં અલ્પતા નથી, પણ એ તો ખરેખરો લ્હાવો છે, મિત્રની સલાહ સોનાની નીવડે છે. પોતાની પ્રગતિ અનેક દિશાયે વધારી મૂકવાનું સાધન આ બહારની સલાહ હોઇ ખૂબ અનુસરણ માગે છે અને સાર્વત્રિક સર્વોદય માટે બહુ અગત્યનાં સાધનો પૂરાં પાડે છે. એમાં પ્રગતિને પ્રેરણા મળે છે, રસ્તો સાંપડવાની વાતને પ્રકાશ મળે છે અને જીવન કસોટી-ને કસ-પ્રેરણા મળે છે; માટે અન્યની સલાહ ધર્મક્ષેત્રમાં તો ખૂબ જરૂરી છે. ગુરુ તરફ ભક્તિ બતાવનાર મન ઉચ્ચ ગ્રાહનું સાચું સ્થાન છે અને પોતાની પ્રગતિને માપનાર અને તેને બતાવનાર દર્શક તરીકે સાચી પારાશીશી છે. સાચો ધર્માર્થી પ્રાણી વગર સંકોચે સલાહ લે, સમજીને પોતાનું વર્તન તદનુસાર ગોઠવે અને તેમ કરીને પારકી સાચી સલાહનો પૂરતો લાભ મેળવે.

**મૌક્તિક.**

---

No. 3. It is difficult to **take advice** but it pays to do so.

( Thoughts of the Great. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંગળમય વાણી.

અનુવાદકઃ—' અભ્યાસી '

**सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्।**
**न ब्रूयात् सत्यमप्रियम्॥**

જે ભોજન આપણે મ્હોંએથી લઇએ છીએ તે જ આપણો સત્ત્વાંશ ( શરીરનો ભાગ ) બને છે. થાળીમાં બાકી રહેલું અન્ન આપણો સત્ત્વાંશ નથી બનતું. એવી જ સ્થિતિ શબ્દોની પણ છે. જે શબ્દોને આપણે આપણાં મુખમાં સ્થાન દઇએ છીએ તે આપણો સત્ત્વાંશ બની જાય છે અને જેને આપણે સ્થાન નથી દેતા તે સત્ત્વાંશ નથી બનતા.

કોઇની નિંદા કરવા માટે આપણે અપશબ્દોને મુખની અંદર સ્થાન દેવુંજ પડશે અને એમ કરવાથી તે આપણા સત્ત્વાંશ બની જશે. આપણે ઘણે ભાગે એમ વિચારીએ છીએ કે અપરાધીઓની યોગ્ય આલોચના કરીને ન્યાયનું સમર્થન કરીએ છીએ; પરંતુ વાસ્તવિક રીતે ઘૃણા અને લજ્જાના શબ્દોને જીભે લાવીને આપણે તેને આપણાં મનમાં સ્થાન દઇએ છીએ અને પછી તે દ્વારા આપણાં સુખ તથા શાંતિ પર આઘાત પહોંચાડીએ છીએ. એવા શબ્દો આપણા ધ્યાનને એ રચનાત્મક વિધિઓ ઉપરથી દૂર હઠાવી મૂકે છે કે જેના પ્રયોગથી અપરાધ કરનારને સુધારવાનો સંભવ હોય છે. આપણે એટલું યાદ રાખવું જોઇએ કે આપણે જે અપશબ્દોનું ઉચ્ચારણ કરીએ છીએ તે આપણા મુખમાં જ રહી જાય છે; અપરાધીમાં એનાથી જરા પણ સુધારો થતો નથી.

એવો અવસર પણ આવે છે કે જ્યારે આપણને પાપના વિરોધમાં અવાજ ઉઠાવવાની જરૂર પડે છે, પરંતુ સાધારણ રીતે એમ કરવાથી વિષમય શબ્દોને આપણા જ મુખમાં લઇ જઇને આપણે જ નુકસાન કરીએ છીએ. એનાથી દોષનો પરિહાર જરા પણ થતો નથી. નિષિદ્ધ વાક્યોના વિક્ષુબ્ધ સાગરમાં આપણી શબ્દાવળીની ધારા પ્રવાહિત કરીને આપણે સંસારની અશાંતિને વધારી મૂકીએ છીએ. જનતાની કુભાવનાઓના શિકાર બનેલા કોઇપણ પુરુષના છિદ્રાન્વેષણ, દોષારોપણ કરવાથી નથી આપણે આપણું ભલું કરતા તેમજ નથી આપણે સંસારની અવસ્થા સુધારી શકતા. ઊલટું વિષમય શબ્દોનો ભારે ખોરાક પેટમાં ભરીને આપણે આપણી જાતને વિષમતાના ઊંડા સાગરમાં ડુબાડી દઇએ છીએ.

વિષમ આલોચનાના અનુદાર ઉદ્ગારો બોલ્યા પછી આકાશ અંધકારથી છવાઇ ગયેલું લાગે છે અને થોડા સમય માટે જીવનનો સાત્વિક આનંદ વિષાદના વાદળોથી છવાઇ જાય છે. મૂર્ખતાના શબ્દો ઉચ્ચારીને આપણે આપણી જાતને વેચી દઇએ છીએ અને તેના બદલામાં ' સંસારની સ્થિતિ ઘણી જ ખરાબ છે અને સૌ અમને ભૂલી ગયા છે ' એવા એવા અસદ્ વિચારોને હૃદયમાં સ્થાન આપીએ છીએ. અને જેની ઉપર દોષારોપણ કરીએ છીએ તેનામાં આપણી મારફત કોઇ જાતનો નૈતિક સુધારો પણ નથી થતો.

આપણી એવી ઇચ્છા હોવી જોઇએ કે આપણે ભૂલ કરનારને તેની મુશ્કેલીઓથી બચાવી લઇએ. તેને પદદલિત કરવાને બદલે આપણે તેને ઊઠવાની કળા શીખવવી જોઇએ.

પ્રત્યેક બાહ્ય સ્થિતિનો જન્મ પહેલો મનમાં થાય છે. બાહ્ય જગતમાંથી આપણે જો બુરાઇને હંમેશને માટે ઉખેડીને ફેંકી દેવા ચાહતા હોઈએ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે તે માટે પહેલાં તો મનમાંથી જ બુરાઈની જડને ખોદી નાખવી જોઇએ. કઠોર–કડવા શબ્દો અને આઘાતોથી નથી મટતું વૈમનસ્ય અને નથી થતી રાક્ષસોમાં દેવત્વની સ્થાપના. ઉત્તમતા તરફ પ્રગતિ કરનાર પ્રત્યેક પગની છાપ પહેલાં તો હૃદય તથા મન ઉપર પડવી જોઇએ. આલોચનાપૂર્ણ અથવા આઘાત પહોંચાડનાર શબ્દોની અપેક્ષાએ મધુર શબ્દો હૃદય ઉપર વધારે પ્રભાવ પાડે છે. બાહ્ય જગતની અવ્યવસ્થાનો જડ માનસ જગતની અવ્યવસ્થામાં રહે છે. તેથી પહેલાં તો માનસ ક્ષેત્રમાં સમતાને સ્થાપિત કરવી જોઇએ. વિરોધભર્યા તથા કડવા શબ્દોથી વિષમતાનો કદિ પણ નાશ થતો જ નથી.

એટલું યાદ રાખવું જોઇએ કે મોઢામાં આવેલા ઉત્તમ શબ્દો જીવનમાં સુખ તથા સમૃદ્ધિ લાવે છે અને હિંસાત્મક તથા અપ્રિય શબ્દોથી અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. ક્રોધાકુળ શબ્દોથી આપણી પાચન–ક્રિયાને નુકસાન પહોંચે છે તથા શરીરના બીજા વ્યાપારોમાં પણ ઉથલપાથલ મચી જાય છે. વાગ્બાણો વરસાવીને આપણે આપણાં લક્ષ્યની તરફ આગળ વધવાને બદલે આપણી જાતને વધારે હાનિ પહોંચાડીએ છીએ.

આજ કાલ સંસારને જેટલી આવશ્યકતા ઉત્તમ ઉત્સાહવર્ધક શબ્દોની છે એટલી બીજી કોઇ વસ્તુની નથી. એ સત્ શબ્દોનું ઉચ્ચારણ કોણ કરશે? આપણા કરતાં વધારે સારી રીતે કોઈ નહિ કરી શકે. પ્રેમ, સદ્‌ભાવના, ક્ષમા ઇત્યાદિથી પૂર્ણ ઉત્તમ શબ્દોનો પ્રયોગ કરીને વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે તેમજ મનુષ્યમાં સદ્‌ભાવનાની વૃદ્ધિ કરવા માટે આપણાથી બનતું કરવાનો સુઅવસર પ્રાપ્ત થયેલ છે. વિશ્વમાં શાંતિ અને પ્રાણીઓમાં સદ્‌ભાવના સ્થાપવા માટે ઇશ્વરને કરવામાં આવતી પ્રાર્થનામાં સહયોગ આપવો જોઇએ. કોઇને પણ દુ:ખ આપીને સંસારની અશાંતિમાં વધારો ન કરવો જોઇએ.

આજે તો એવા સ્ત્રી પુરુષોની જરૂર છે કે જેઓને ભગવાનની દયાળુતા ઉપર એટલો વિશ્વાસ હોય કે તેઓ શાંત રહીને પ્રાણિઓને મુક્ત કરવાની ભગવાનની ક્રિયાને જોઇ, જાણી શકે અને લોકોની સમક્ષ તેની ઘોષણા કરે. જે લોકો આમ કરશે તેઓને તેનો પુરસ્કાર મળ્યા વગર રહેશે નહિ, કેમકે આશીર્વાદ આપીને જ તેઓ પોતે આશીર્વાદ પ્રાપ્ત કરશે.

માણસ કેવળ ભૌતિક આહાર પર નિર્ભર નથી રહી શકતો. સત્યરૂપે જીવિત રહેવા માટે તેને તો જે શબ્દો સ્વયં ભગવાનના મુખારવિંદમાંથી નીકળ્યા છે તે જ શબ્દોને પણ પોતાની અંદર લઇ જવા પડશે.

ભૌતિક જીવનની પાષાણુમય કઠોરતા પર આપણે આપણાં જીવનને નિર્ભર કરવાની ચેષ્ટા કરી રહ્યા છીએ પરંતુ પાપની આલોચના કરનાર શબ્દોમાં કોઇપણ જાતનું પોષણ તત્વ નથી. એવા આહાર ઉપર નિર્ભર રહેવાથી આપણો આત્મા ભૂખે મરી જશે. આપણુને ખરેખર પુષ્ટિ આપનાર આહાર તો ઇશ્વરની કલ્યાણમય વાણીથી પ્રાપ્ત થાય છે જે સત્ય તથા ધર્મથી ઓતપ્રોત છે. આ સૃષ્ટિમાં સઘળું સારું છે અને જ્યારે આપણે ઇશ્વરની કલ્યાણમય વાણીનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે જીવનનો વાસ્તવિક ખોરાક ગ્રહણ કરીએ છીએ અને જો આપણુને અસલ ખોરાક મળી શકતો હોય તો પછી પથ્થર (કઠોરતા) ઉપર શા માટે નિર્ભર રહેવું?

પથ્થર ખાઇને કોઇ વધી શકતું નથી, ફૂલીફાલી શકતું નથી. એવી જ રીતે કઠોર શબ્દોથી કોઇ વધી શકતું નથી, ફૂલીફાલી શકતું નથી. ઈશ્વરનો પ્રેમ, જીવન અને તેની વાસ્તવિકતા જ જીવનનો અસલ ખોરાક છે, ભગવાનની મંગળમય વાણી સાંભળો અને તેનાથી ભક્તિ તેમજ જીવન પ્રાપ્ત કરો. કેવળ તેના મંગળમય શબ્દો મુખમાં ધારણ કરો. વાતચીતમાં કેવળ એવા જ શબ્દોનો પ્રયોગ કરો કે જેમાં આત્માનું નિર્માણાત્મક તત્ત્વ ભરેલું છે. તમારી વાણીને એવી મંગલમય બનાવો કે જેનાથી પવિત્ર દૈવી શાંતિની સ્થાપના થાય અને જગતમાં એનો પ્રસાર થાય.

**ब्रूयात् सदा हितकरं वाक्यम् ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રાના નવાણું દિવસ.

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

## ભગવંતભાષિત વાણી—

મહાનુભાવ! અહીંના આ રમ્ય વાતાવરણમાં આજે હું તમોને આ યુગના અતિ મહત્વના સાધન સંબંધે કહીશ. પંચમ કાળના જીવોને આત્મશ્રેય સાધવામાં અવલંબનરૂપ વસ્તુઓ માત્ર બે. એક જિનબિંબ અને બીજી જિનઆગમ. જિનબિંબોથી તો આ પહાડ સુશોભિત બનેલ છે. અહીં અર્ચન–પૂજન-સ્તવન તેમજ ધ્યાન માટે વિશાલ સામગ્રી વિપુલ પ્રમાણમાં પથરાયેલી છે. ફક્ત એમાં તદાકાર બનવા સારુ જરૂર છે સાચા ઉમળકાની અને એકાગ્ર દૃષ્ટિની. એ કેળવવા સારુ આગમજ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી છે.

પ્રત્યેક કરણી જ્ઞાનયુક્ત હોય તો જ સંપૂર્ણ ફળદાયી નીવડે છે. તેથી જ 'પ્રથમ જ્ઞાન અને પછી દયા' કિંવા 'પહેલું જ્ઞાન અને પછી ક્રિયા' જેવા ટંકશાળી વચનો અસ્તિત્વમાં આવ્યા છે.

પૂર્વે તીર્થંકર દેવોના જે નામો જોયા એમાં ચાલુ અવસર્પિણીકાળમાં છેલ્લા થયા શ્રી વર્ધમાનસ્વામી. વિશેષ ખ્યાતિ પામ્યા શ્રી મહાવીર પ્રભુ તરીકે. આજના વિદ્યમાન સાહિત્યના મૂળ પ્રણેતા તેઓશ્રી જ. કૈવલ્યપ્રાપ્તિ પછી તેઓ રાજગૃહીના મહસેન વનમાં પધાર્યા. ઇંદ્રભૂતિ આદિ અગિયાર ભૂદેવોને તેમના હૃદયમાં રહેલી શંકાઓનું, ખુદ તેઓ માનતા હતા એ 'વેદ'ના વાકયોના સાચા અર્થોવડે સમાધાન કરી પોતાના મુખ્ય શિષ્ય તરીકે સ્થાપ્યા. તેઓ ગણધર તરીકે ઓળખાયા. ભગવંત મહાવીરદેવે તે દરેકને 'ઉત્પાદ–વ્યય–ધ્રુવ' રૂપ ત્રણ પદોની વાચના આપી. એ ઉપરથી તે દરેકે બાર અંગની રચના કરી. એ દ્વાદશાંગી યાને ગણિપીટકરૂપે ઓળખાય છે.

પરમ જિન શ્રી મહાવીરદેવના નિર્વાણ પૂર્વે પ્રથમ ગણધર ઇંદ્રભૂતિ ગૌતમ તથા પંચમ ગણધર સુધર્મા સિવાયના નવ મુક્તિપદને પામ્યા હતા. પોતાની નિર્વાણ રાત્રિ અને એની પૂર્ણાહુતિ પછીના પ્રાતઃકાળે શ્રી ગૌતમને કેવલજ્ઞાનનો યોગ જોઇ શ્રી મહાવીરદેવે પટ્ટધર તરીકે શ્રી સુધર્માને સ્થાપ્યા હતા.

આમ જે અંગ સાહિત્ય આજે ઉપલબ્ધ થાય છે તેના રચનાર શ્રી સુધર્માસ્વામી છે. એની શરૂઆતમાં જે રીતે ઉલ્લેખ કરાય છે એ પરથી એ વાત સહજ સમજાય છે.

'હે શિષ્ય જંબુ! ભગવંત મહાવીરદેવે ગણધર-મુખ્ય શ્રી ગૌતમને જે વાત, જે સ્વરૂપે કહી છે તે વાત તે સ્વરૂપે હું તને કહું છું.' આ જાતની ભૂમિકાથી અંગોમાં કથન કરાય છે. આ રીતે કહેવાયેલું સર્વ જ્ઞાન બાર અંગરૂપે ઓળખાય છે. ચૌદ પૂર્વ તરીકે ગણનાપાત્ર થયેલ સાહિત્ય એ બારમા અંગનો એક ભાગ જ છે. જ્યાં બારમું અંગ જે દૃષ્ટિવાદ તરીકે ઓળખાતું હતું તે વિચ્છેદ ગયું છે ત્યાં 'પૂર્વ' સંબંધી વિશેષ માહિતી કયાંથી મળે? આમ છતાં એમાંની છૂટીછવાયી બાબતોના ખ્યાલ અંગ આદિમાં પ્રાપ્ત થતાં ઉલ્લેખો અને સંગ્રહાયેલી ટૂંક નોંધથી આવે છે. પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામી-રચિત શ્રી કલ્પસૂત્ર પણ એ પૂર્વમાંની પ્રસાદીરૂપ છે અને પાછળ થયેલા વિદ્વાનોએ ઉપાંગ, પયન્ના તેમજ અન્ય સૂત્રોની જે રચનાઓ કરી છે તે સર્વના મૂળ તો ઉપર કહ્યું તેમ દ્વાદશાંગીમાં જ છે. આ રીતે સર્જાયેલ સાહિત્ય 'પીસ્તાલીશ આગમ' રૂપે ઓળખાય છે. જુદા જુદા ભંડારોમાં ઉપલબ્ધ પણ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણધર મહારાજાપ્રણીત અંગો ઉપર જેમ જેમ કાળના વાયરા વાયા, ઊતરતા સમયની અસરથી સમજશક્તિનો હ્રાસ થતો ગયો અને સ્મરણશક્તિમાં કાપ પડવા માંડ્યો, તેમ તેમ પાછળ થયેલા વિદ્વાન મુનિપુંગવોએ એ જ્ઞાનવારિધિના આશયને જરાપણ ક્ષતિ પહોંચાડ્યા વિના એ ઉપર 'નિર્યુક્તિ,' 'ભાષ્ય,' 'ચૂર્ણિ' અને 'ટીકા'ની રચના કરી. 'મૂળ'નો ઉમેરો કરતાં એ પંચાંગી કહેવાય છે.

લગભગ શ્રી મહાવીરદેવના નિર્વાણથી ૯૮૦ અને અપવાદે ૯૯૩ વર્ષ પછી આગમ પુસ્તકારૂઢ થયા. સ્મરણશક્તિ સાવ ઓસરી જવાના નગારા વાગી રહ્યા. બારવર્ષી ભયંકર દુકાળોએ પોતાના તાંડવ નૃત્ય ચાલુ રાખ્યા અને દક્ષ અભ્યાસીઓ, નિષ્ણાત સંતો તથા અનુભવી આચાર્યો સંખ્યામાં ઘટવા લાગ્યા ત્યારે સૌરાષ્ટ્રના વલ્લભીપુરમાં પૂજ્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે વિદ્યમાન સાધુઓની પરિષદ મેળવી અને સંખ્યાબંધ લહીઆઓને રોકી, ભિન્ન ભિન્ન સાધુમહારાજોની યાદદાસ્ત એકઠી કરી આગમજ્ઞાનને ગ્રંથોમાં લખી લીધું. આ પૂર્વે જ્ઞાનસંભારણા તેમજ પરસ્પર પાઠોની સરખામણી નિમિત્તે પાટલીપુત્રમાં મુનિ પરિષદ મળેલી. તેમજ મથુરામાં પણ એ જાતનો પ્રયાસ થયેલો. આ લેખનનું વિદ્યમાન સ્વરૂપ તો વલ્લભીપુરે નિર્માણ કરેલ તે જ છે. માથુરી અને વલ્લભી વાચનામાં જે પાઠફેરની વાતો આવે છે એ ઉપરના કારણે છે. ઉપરની પરિસ્થિતિનો અભ્યાસી સહજ અનુમાની શકશે કે પ્રાપ્ત થયેલ આ વારસો શાસ્ત્રરૂપે રહે એ જ શોભાસ્પદ લેખાય, એને ખેંચી પકડી કે એના અર્થ આડાતેડા બનાવી એનો ઉપયોગ ન તો શસ્ત્રરૂપે કરાય કિંવા એ નામે ન તો સાઠમારી થાય.

આ પવિત્ર પીસ્તાલીશ આગમમાં શું શું કહેવામાં આવેલ છે એ તરફ સામાન્ય આંખ ફેરવી લઈએ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. આચારાંગ | સૂત્ર | અંગ | મૂળ | શ્લોક | ૨૫૦૦ | જૈનધર્મનું સ્વરૂપ–સાધુના આચાર. |
| ૨. સૂયગડાંગ | ,, | ,, | ,, | ,, | ૨૧૦૦ | ૩૬૩ મતનું સ્વરૂપ. |
| ૩. ઠાણાંગ | ,, | ,, | ,, | ,, | ૩૭૭૫ | એકથી દશ સુધી વસ્તુઓનું કથન. |
| ૪. સમવાયાંગ | ,, | ,, | ,, | ,, | ૧૬૬૭ | એકથી કોટાકોટિ સુધી પદાર્થનું જ્ઞાન |
| ૫. ભગવતી | ,, | ,, | ,, | ,, | ૧૫૭૫૨ | શ્રીગૌતમ વિ. ના પ્રશ્નો, ભગવંતના ઉત્તર |
| ૬. જ્ઞાતાધર્મકથા | ,, | ,, | ,, | ,, | ૬૦૦૦ | ધર્મીપુરૂષોના કથાનકો. |
| ૭. ઉપાશકદશાંગ | ,, | ,, | ,, | ,, | ૮૧૨ | આનંદ વિ. દશ શ્રાવકોનું સ્વરૂપ |
| ૮. અંતગડદશાંગ | ,, | ,, | ,, | ,, | ૭૯૦ | મોક્ષે ગયેલા નેવું જીવોનું સ્વરૂપ. |
| ૯. અનુત્તરોવવાઇ | ,, | ,, | ,, | ,, | ૧૯૨ | અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલ જીવોનું સ્વરૂપ. |
| ૧૦. પ્રશ્નવ્યાકરણ | ,, | ,, | ,, | ,, | ૧૨૫૦ | પાંચ આશ્રવ તથા પાંચ સંવર સંબંધી. |
| ૧૧. વિપાક | ,, | ,, | ,, | ,, | ૧૨૧૬ | દશ દુઃખવિપાકી અને દશ સુખવિપાકી જીવોનું સ્વરૂપ. |
| ૧૨. ઉવવાઇ | | ઉપાંગ | | શ્લોક | ૧૧૬૭ | બાવીશ પ્રકારના જીવ વિષે કોણિકની વંદના. |
| ૧૩. રાજપ્રશ્નીય | | ,, | | ,, | ૨૦૭૮ | પ્રદેશી રાજાને પ્રતિબોધ. |
| ૧૪. જીવાભિગમ | | ,, | | ,, | ૪૭૦૦ | જીવ અજીવનું વિસ્તારથી કથન. |
| ૧૫. પન્નવણા | | ,, | | ,, | ૭૮૦૦ | છત્રીશ પદમેં છત્રીશ વસ્તુ સ્વરૂપ. |
| ૧૬. જંબૂદ્વીપપન્નત્તિ | | ,, | | ,, | ૪૧૪૬ | જંબૂદ્વીપ વિ. નું વર્ણન. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મસાધના.

લેખકઃ—અમરચંદ માવજી શાહ.

( ગતાંક પૃષ્ઠ ૫૮થી શરૂ. )

સંયમની પરાકાષ્ઠા સર્વ સંવર છે. કર્માશ્રવનાં દરવાજા જ્યારે સંવરરૂપ સાંકળવડે બંધ થશે, સમતા યોગમાં સ્થિર થશે, પાંચ ઇન્દ્રિયોનાં વિષયમાં થતાં રાગ દ્વેષ અને કષાયભાવ મંદ પડશે, મન–વચન–કાયાનો યોગ આત્મભાવમાં વર્તશે ત્યારે સંયમ થશે.

શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ પંચ વિષયો પુદ્ગલજનિત છે. તેને ભોગવનાર મન, વચન ને કાયા પુદ્ગલ છે. હું એ પુદ્ગલોથી–પરભાવોથી પર છું. હું તો કેવલ જ્ઞાતા–દ્રષ્ટા છું. એ વિષયોને હું ભોગવતો નથી, અજ્ઞાનભાવે હું માનું છું કે આ સારું થયું. આ સારું છે, આ ઇષ્ટ છે, અનિષ્ટ છે આદિ વિકલ્પોમાં જોડાઇ ફોગટ રાગ–દ્વેષની વૃત્તિઓવડે આશ્રવ ગ્રહી બંધ ભાવને પામું છું. આ બંધભાવનો નાશ કરવા મારી સાધના સદાય જાગ્રત રહો.

ઇન્દ્રિયો વિષયની માંગણી કરે તેને તે વખતે રોકવી તેનું નામ તપ. તપની પરાકાષ્ઠા સંકલ્પવિકલ્પ રહિત ચિર શાંતિ છે. આવી નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયસંયમ, યોગસંયમ, કષાય, ઉપશમ આદિ પ્રવૃત્તિરૂપ તપ કર્તવ્ય છે. બંધનાં કારણોનો નાશ કરવો અને આત્માને મોક્ષમાં સ્થિર કરી કાર્યસિદ્ધિ કરવી. આ રીતે કાર્ય કારણનો ઉપયોગ કરી આત્મમુક્તિ પ્રાપ્ત કરવી એ જ આત્માની સતક્રિયા છે.

શાંતિરૂપી એક જ ગુટિકા આત્મશુદ્ધિ માટે રામબાણ ઇલાજ છે. કાંઇપણ સંકલ્પવિકલ્પ કર્યા સિવાય, નિર્વિકલ્પ મૌન દશામાં આત્મધ્યાન સ્થિર થઇ કરવું. કોઇપણ વિચારવૃત્તિને વશ થવું નહિં. જ્ઞાનચેતનામાં–સ્વભાવમાં લીન રહેવું. હું શુદ્ધ આત્મદ્રવ્ય જ છું એ ઉપયોગ ધારી રાખવો. વૃત્તિઓ થાય તો પણ તેની ઉપેક્ષા કરવી. જાણે કાંઇ જાણતાં જ નથી, આપણે કાંઇ તેની સાથે સંબંધ જ નથી એ રીતે સહજ ભાવે ઉપશમાવી દેવી. આ રીતે ઉપયોગપૂર્વક દિન રાત દરેક પ્રવૃત્તિના સમયમાં કે નિવૃત્તિના સમયમાં જાગ્રતિ રાખી પ્રયોગ કરવાથી ૐનો જાપ સતત અંતરમાં ચાલુ રાખવાથી આસ્તે આસ્તે ચિત્ત સ્થિર થશે, વૃત્તિઓ શાંત થશે અને આત્મધ્યાનથી સંવર અને નિર્જરા સકામ થવાથી પૂર્વકૃત કર્મોની નિર્જરા થશે, ઉપયોગથી સંવર થશે, આશ્રવનું બળ ઘટી જતાં બંધભાવ શિથિલ થશે, અને આત્મા કર્મમુક્ત થશે, શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરશે આત્મા આત્મભાવે પરિણમશે એટલે આ બધાં સાધનો પણ નકામા ગણાશે.

---

| | | | |
|---|---|---|---|
| ૧૭. ચંદપન્નત્તિ | ઉપાંગ શ્લોક | ૨૨૦૦ | જ્યોતિષચક્રનું સ્વરૂપ. |
| ૧૮. સૂર્યપન્નત્તિ | ” ” | ૨૨૦૦ | ” ” ” |
| ૧૯. નિરયાવલિયા સુયખંધ કપ્પિયા. | | | |
| ૨૦. કપ્પવડંસિયા. | | | |
| ૨૧. પુપ્ફિયા. | ” ” | ૧૧૦૯ | નરકે તેમજ સ્વર્ગે જનારા જીવો વિષે તેમજ રાજાઓની લડાઇ વિષે. |
| ૨૨. પુપ્ફચૂલિયા. | | | |
| ૨૩. વન્હિદશા. | | | |

( વધુ વાત હવે પછી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्तु वीतरागाः ॥

# વિશ્વવિભૂતિને સ્મરણાંજલિ

વિશ્વની મહાવિભૂતિઓ વિષે કાંઇ પણ બોલવું કે લખવું એ ઘણીવાર ઉચ્ચ કોટિનું જીવન જીવનાર મહાપુરુષો માટે પણ ઘડીભર થંભી જવા જેવી વસ્તુ બની જાય છે; તેમ છતાં ગુણગ્રાહિતાની દૃષ્ટિએ એ મહાપુરુષો વિષે કાંઈ પણ બોલવા કે લખવા પ્રયત્ન કરવો એ **शुभे यथाशक्ति यतनीयम्।** ન્યાયે અતિ ઉચિત મનાયેલ બાબત હોઇ, સમગ્ર જગતની મહામાન્ય પુણ્યવિભૂતિ મહાત્મા ગાંધીજી માટે પ્રસંગોચિત બે શબ્દ લખવા પ્રયત્ન કરવો એ મહાપુણ્ય કાર્ય છે.

જે મહાપુરુષે આપણને સ્વાતંત્ર્ય મેળવી આપી ગુલામીના બંધનમાંથી મુક્ત કર્યા છે તે કરતાં ય હજારો અને લાખો વર્ષમાં નહિ સિદ્ધ થયેલી આપણી અભૂતપૂર્વ એકતાને સિદ્ધ કરી આપવા જે મહાન પ્રયત્ન સેવ્યો છે તે બદલ આપણે એ મહાપુરુષના સદાને માટે ઋણી છીએ.

વિશ્વના સમગ્ર દેશના હજારો જ નહિ, બલ્કે લાખો વર્ષના ઇતિહાસમાં આવા મહાપુરુષની જોડી આપણને મળવી કે જડવી અતિ દુર્લભ છે કે જેણે મહાત્માજીની માફક પોતાના જીવનના માત્ર સામાન્ય વ્યવહારમાં જ નહિ, પરંતુ રાજકારણ જેવા અતિ વિષમ વિશિષ્ટ પ્રસંગોમાં પણ અહિંસા, સત્ય અને પ્રમાણિકતાને સમગ્રભાવે અખંડપણે ઉતારી હોય, સમસ્ત પ્રજાને અને વિશ્વને એ માર્ગે દોરવા તનતોડ અથાગ એકનિષ્ઠ પ્રયત્ન સેવ્યો હોય. આપણા ભારતવર્ષનું અને ભારતીય પ્રજાનું મહાન સદ્‌ભાગ્ય છે કે—આપણી પરમપાવન પુણ્યભૂમિએ એવા એક અવતારી પુરુષને જન્મ આપ્યો, અને એ રીતે આપણી પુણ્ય આર્યભૂમિને, આપણા આર્ય મહર્ષિઓને અને આર્યધર્મને વિશ્વમાં ઉજ્જવળમુખ બનાવ્યાં.

યોગની પરિભાષામાં જેને "સિદ્ધયોગી" તરીકે સંબોધવામાં આવે છે તેવી સિદ્ધયોગી વ્યક્તિ—મહાત્મા ગાંધીજીએ પોતાના જીવનની શરૂઆત આર્ય મહર્ષિઓએ ઉપદેશેલા પરમપાવન અહિંસા અને સામ્યધર્મથી જ કરી છે અને પોતાના અતિવિશુદ્ધ સામ્ય પવિત્ર જીવનનો અંત પણ "હે રામ" સ્મરણરૂપ પરમપાવન અનન્ય સાધ્ય સમભાવરૂપ મહાન ધર્મથી જ આણ્યો છે. આવા આદર્શજીવી પરમપાવન પુણ્યનામધેય મહાત્મા ગાંધીજીને ચરણે આજે અતિ નમ્રભાવે અતિઅલ્પ શબ્દોમાં હું મારી સ્મરણાંજલિ અથવા અર્ઘ્યાંજલિ અર્પું છું.

આપણા જીવનમાં સાક્ષાદ્‌ભાવે જોએલી સર્વદેશીય વિશ્વશક્તિસંપન્ન એ મહાવિભૂતિને અર્પણ કરાતી આપણી શ્રદ્ધાંજલિઓ આપણી ભારતીય પ્રજાના જીવનમાં—જીવનના પ્રત્યેક વ્યવહારમાં અહિંસા, સત્ય, બંધુત્વભાવ, પ્રમાણિકતા, સુજનતા, સદાચાર, કલા, સર્વદેશીય વિજ્ઞાન વગેરે ગુણોને પોષનાર થાઓ અને એ ગુણનિષ્ઠતા દ્વારા આપણી ભારતીય પ્રજા સમગ્ર દેશોની પ્રજાને માર્ગદર્શક બનો, કે જે ગુણનિષ્ઠતા આપણી ભારતીય આર્ય પ્રજાને માટે સુખસાધ્ય છે.

**अहवा सव्वं चिय वीयरायवयणाणुसारि जं सुकडं।**
**कालत्तये वि तिविहं अणुमोरामो तयं सव्वं॥**

**चउसरणपइण्णए।**

**મુનિ પુણ્યવિજયજી**

[ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને ભવ્ય અંજલિ આપતું પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજનું આ લખાણ શ્રી પાટણ વિદ્યાર્થીમંડલ તરફથી તાજેતરમાં પ્રકાશિત થયેલ 'ગાંધીસ્મારક ગ્રંથ'માંથી સાભાર અહીં આપ્યું છે. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જય જવાહર

પંડિત જવાહરલાલ નહેરૂના ૬૦ મા જન્મદિન પ્રસંગે એમને દીર્ઘાયુષ્ય ઇચ્છતાં કૃતકૃત્ય થવાય છે, અને તે અંગે નોંધ લખવાની તક પ્રાપ્ત થાય એ પણ મારા માટે આનંદની વાત છે.

પંડિતજી આજે હિન્દના પ્રથમ પુરુષ તો છે જ, કારણ કે મહાત્માજીએ એમને પોતાના વારસદાર ગણાવ્યા છે, અને તેઓ નવભારતના વડા પ્રધાન-પદેથી એ વારસાને યોગ્ય રીતે દીપાવી પણ રહ્યા છે. દેશના ભાગલા પડ્યા ત્યારે જે કોમી હુલ્લડ ફાટી નીકળ્યું તેમજ જે નિર્વાસિતોની મહાન હિજરત શરૂ થઇ, તે વખતે લેશ પણ મગજ ગુમાવ્યા સિવાય, હિંદુ અને મુસ્લીમ બન્ને વર્ગ માટે એક સરખો અને અદ્ભુત પ્રેમ દાખવીને એ દાવાનળમાંથી દેશનું જે રક્ષણ કર્યું, એ હરકોઇની પ્રશંસા માગી લ્યે એવું છે. ઉકળેલા મગજના હિંદુઓ દિલ્હીના ચાંદની ચોકમાં ભાષણ આપતા જવાહરલાલને વિરોધી સૂત્રોથી નવાજવા છતાં નથા તેમણે તેમના પ્રત્યે લાલ આંખ કરી, કે નથા તેમણે મુસ્લીમોના રક્ષણની પોતાની ફરજ પડતી મૂકી. જે કારણે ગાંધીજી જીવ્યા અને મર્યા, તે જ કારણને ચુસ્તપણે વળગી રહીને તેમણે રાષ્ટ્રપતિનો વારસો યોગ્ય રીતે જ દીપાવ્યો છે.

તાયફાવાળાઓ અને પાકીસ્તાની ગુંડાઓનાં ધાડાંઓ પાકીસ્તાન રાજયના પીઠબળ સાથે જ્યારે કાશ્મિર પર ધસી આવ્યાં ત્યારે છેક છેલ્લી ઘડીએ હિંદી સંઘનું શરણુ માગનાર મહારાજા હરિસિંહને બિલકુલ તિરસ્કાર્યા વગર, કુનેહથી પ્રજાના હાથમાં સત્તા સુપ્રત કરાવી, તેમણે અતિઝડપી તૈયારી સાથે કાશ્મિરમાં લશ્કર મોકલી, કાશ્મિરની પ્રજાને ભયાનક હત્યાકાંડ અને પાકિસ્તાની શિરજોરીમાંથી બચાવી લીધી, એનો બધો યશ પંડિતજીને ફાળે જ જાય છે.

હૈદ્રાબાદની પ્રજા પરના રઝાકારોના જુલ્મો સાંભળતા જ્યારે આપણાં હૈયાં ઊકળી જતાં હતાં અને હિંદ હૈદ્રાબાદ સામે તત્કાળ યુદ્ધ જાહેર કરે એમ આપણે ઇચ્છી રહ્યા હતા, ત્યારે એમણે જણાવ્યું હતું કે 'હૈદ્રાબાદ સામે યુદ્ધનો કોઇ પ્રશ્ન જ નથી. તેના સામે તો કેવળ લશ્કરી પગલું જ ભરવાનું છે, અને યોગ્ય સમયે એ લેવાશે જ.' અને આપણે જોઇ શકયા કે એમણે યોગ્ય સમયે એ પગલું લીધું અને ઓછામાં ઓછી હિંસાથી વિજય મેળવ્યો.

આ બધા વિજયો અને સિદ્ધિઓ પર કળશ ચડાવે એવું પંડિતજીનું કાર્ય, એ 'યુનો'માં તેમણે તાજેતરમાં આપેલું ભવ્ય અને પ્રેરણાત્મક વ્યાખ્યાન છે. જગતના પીઢ મુત્સદ્દીઓ, રાજપુરુષો સમક્ષ સર્વાંગસુંદર વ્યાખ્યાન આપીને એમણે હિંદની અને એના ભાગ્યવિધાતા મ. ગાંધીજીની પ્રતિષ્ઠાને અનેકગણી વધારી અને દીપાવી છે. એ વ્યાખ્યાનમાં એમણે હિંદની પારાવાર મુશ્કેલી વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી, તેમ હિંદના દુશ્મનો માટે રોષનો એક અક્ષર પણ કહ્યો નથી. જાણે કોઇ મહાપવિત્ર ઋષિ ભાનભૂલેલાં બાળકોને ઉપદેશ આપતા હોય એમ તેમણે જગતની સત્તાઓને હિંસા, દ્વેષ અને યુદ્ધને માર્ગેથી અહિંસા, પ્રેમ અને શાન્તિને માર્ગે ચઢવા ધીર-ગંભીર વાણીમાં પ્રેરણા આપી. આ વ્યાખ્યાન વાંચતાં એમ લાગે છે કે જો ગાંધીજીને રાષ્ટ્રસંઘ સમક્ષ ભાષણ કરવાની તક મળી હોત, તો તેઓ જે કંઇ કહેત તે જ પંડિતજીએ કહ્યું છે.

આવા એ જવાહરલાલ આ દેશના તો દીપક છે જ પરંતુ સમગ્ર દુનિયાના પણ તેઓ દીપક છે; અને તેથી જગતને સન્માર્ગે દોરવાની તેમને તક મળે એ માટે તેઓ ઘણું ઘણું જીવે, એ જ ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

**જટુભાઇ મહેતા.**

**"પ્રબુદ્ધ જૈન"માંથી સાભાર ઉધ્ધૃત**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલાક સદ્‌બોધક દૃષ્ટાંતો

અનુ૦ 'અભ્યાસી'

## પોતે પાલન કરનારને જ ઉપદેશનો અધિકાર છે.

(૧) એક બ્રાહ્મણે પોતાના આઠ વર્ષના પુત્રને એક મહાત્માની પાસે લઇ જઇને કહ્યું કે "મહારાજજી, આ છોકરો હંમેશા ચાર પૈસાનો ગોળ ખાઇ જાય છે અને તેને ગોળ નથી આપવામાં આવતો તો કજિયા કરે છે. કૃપા કરીને આપ કોઇ ઉપાય બતાવો." મહાત્માએ કહ્યું 'એક પખવાડિયા પછી તેને મારી પાસે લાવજો એટલે ઉપાય બતાવીશ' બ્રાહ્મણ તો પંદર દિવસ વીત્યા પછી છોકરાને લઇને ફરી મહાત્માની પાસે પહોંચ્યો. મહાત્માએ બાળકના હાથ પકડીને ખૂબ મીઠા શબ્દોમાં કહ્યું, 'બેટા, જો, હવેથી કદિ તારે ગોળ ન ખાવો અને કજિઓ પણ ન કરવો.' ત્યાર બાદ તેની પીઠ થાબડીને અને ખૂબ પ્રેમથી તેની સાથે વાતચીત કરીને મહાત્માએ તેને વિદાય આપી. એ દિવસથી તે બાળકે ગોળ ખાવાનું તથા કજિયો કરવાનું છોડી દીધું.

થોડા દિવસો પછી બ્રાહ્મણે મહાત્મા પાસે જઇને ઘણા આગ્રહથી પૂછયું—"મહારાજ ! આપના એક વખતના ઉપદેશે એવું જાદુ કર્યું કે કાંઇ કહેવાની વાત નહિ, પરંતુ આપે તે દિવસે ઉપદેશ ન આપતા પંદર દિવસ પછી શામાટે કહ્યું હતું ? આપને યોગ્ય લાગે તો એનું રહસ્ય સમજાવવા કૃપા કરશો.' મહાત્માએ હસીને કહ્યું 'ભાઇ, જે મનુષ્ય પોતે સંયમ–નિયમનું પાલન નથી કરતો તે બીજાને સંયમ–નિયમનો ઉપદેશ આપવાને અધિકારી નથી. તેના ઉપદેશમાં બળ જ નથી રહેતું. હું આ છોકરાની માફક ગોળ માટે કજિયા નહોતો કરતો, પરંતુ હું ભોજનની સાથે હમેશા ગોળ ખાતો–એ ટેવ છોડવાની મેં પોતે એક પખવાડિયા સુધી પરીક્ષા કરીને જ્યારે ગોળ ન ખાવાનો મારો અભ્યાસ મજબૂત થઇ ગયો ત્યારે હું સમજયો કે હવે હું પૂરેપૂરા મનોબળથી દઢતાપૂર્વક તારા બાળકને ગોળ ન ખાવા માટે કહેવાનો અધિકારી થયો છું.'

મહાત્માની વાત સાંભળીને બ્રાહ્મણ શરમિંદો બની ગયો અને તેણે પણ તે દિવસથી ગોળ ખાવાનું છોડી દીધું. દઢતા, ત્યાગ, સંયમ અને તેને અનુકૂળ આચરણ એ ચારે વસ્તુ જ્યાં એકત્ર બને છે ત્યાં જ સફળતા મળે છે.

## વિશ્વાસનું ફળ

(૨) એક સાચો ભકત હતો. બહુ જ સીધો માણસ. છળકપટ તો જાણે જ નહિ તે હૃદયથી ઇચ્છતો હતો કે મને એકદમ ભગવાનના દર્શન થાય. તેને માટે તેને દિવસરાત તાલાવેલી રહેતી અને જે કોઇ મળે તેને ઉપાય પૂછતો. એક ઠગને તેની આ સ્થિતિની ખબર પડી. તે સાધુનો વેશ પહેરીને આવ્યો અને તેને કહ્યું–'હું તને આજે જ ભગવાનના દર્શન કરાવી દઇશ. તું તારો બધો સરસામાન વેચીને મારી સાથે જંગલમાં ચાલ.' ભકત તો બિચારો નિષ્કપટ સરલ હૃદયનો હતો અને દર્શનેચ્છાથી વ્યાકુળ હતો. તેને તો ખૂબ આનંદ થયો અને જે કાંઇ પૈસા મળ્યા તે લઇને પોતાનો બધો સરસામાન વેચી નાખ્યો અને તે પૈસા પોતાની સાથે લઈને ઠગની સાથે ચાલી નીકળ્યો. રસ્તામાં એક કૂવો આવ્યો. ઠગ બોલ્યો, 'બસ, આ કૂવામાં તમને ભગવાનના દર્શન થશે. પહેલાં તમે આ માયિક રૂપિયાને અહીં મૂકો. કૂવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝુકાવો. સરલ વિશ્વાસુ ભક્તે એમ જ કર્યું. તે કૂવામાં ડોકાવા જતો હતો ત્યાં તો પેલા ઠગે તેને ધક્કો માર્યો જેને લઈને તે તુરત કૂવામાં પડી ગયો. પ્રભુ-કૃપાથી તેને જરા પણ નુકસાન ન થયું અને ત્યાં જ તેને સાક્ષાત્ ભગવાનના દર્શન થઈ ગયા. તે તો કૃતાર્થ થઇ ગયો.

ઠગ તો રૂપિયા લઇને પલાયન કરી ગયો હતો. ભગવાને સિપાઈનો વેશ ધારણ કરીને તેને પકડી લીધો અને તેને કૂવા પાસે લાવવામાં આવ્યો. ભક્ત તો તે વખતે ભગવાનની રૂપમાધુરીના સરસ રસપાનમાં મસ્ત બન્યો હતો. તેણે કહ્યું ' આ માણસ ઠગ હોય કે ગમે તે હોય, તે તો મારો ગુરુ છે. સાચે જ તેણે મારી માયિક પૂંજી ઉપાડી જઇને મને ભગવાનના દર્શન કરાવ્યા તેથી આપ એને છોડી દો. ' ભક્તની તે વાત સાંભળીને અને વિશ્વાસનો આવો ચમત્કાર જોઇને ઠગના મનમાં થયું કે ખરેખર આને ઠગીને તો હું પોતે જ ઠગાયો છું. તેને પોતાના કૃત્ય માટે ખૂબ અફસોસ થયો અને તેનું હૃદય પલટાઇ ગયું. ભક્ત તથા ભગવાનના સંગનો પ્રભાવ પણ હતો જ. તે પણ તે દિવસથી પોતાનાં દુષ્કૃત્ય છોડીને ભગવાનનો સાચો ભક્ત બની ગયો.

## મહાત્માનું જીવન-ચરિત્ર કેવી રીતે લખવું જોઈએ ?

( ૩ ) એક મહાવિદ્વાન પુરુષ એક મહાત્માના અનન્ય ભક્ત હતાં. કોઇ મિત્રે એમને પૂછયું-પંડિતજી! મહાત્માજી મહાન યોગી અને મહાપુરુષ હતાં. તેમના જીવનની અનેક છૂપી વાત પણ આપ જાણો છો, તો પછી આપ તેમનું જીવન-ચરિત્ર કેમ નથી લખતા ? પંડિતજીએ ખૂબ ગંભીરતાપૂર્વક કહ્યું-હું મહાત્માજીનું જીવન-ચરિત્ર લખવાના પ્રયત્નમાં લાગી રહ્યો છું, મેં તેનો પ્રારંભ પણ કરી દીધો છે. તે મિત્રે ફરી આતુરતાપૂર્વક પૂછયું-તે જીવનચરિત્ર ક્યારે પ્રસિદ્ધ થશે ? તે સાંભળીને પંડિતજીએ કહ્યું-આપ એમ સમજતાં હશો કે હું મહાત્માજીનું જીવન-ચરિત્ર કાગળ પર લખી રહ્યો છું, પણ એમ નથી. આપ ભૂલો છો. મારા વિચાર પ્રમાણે મહાત્માજીનું જીવન-ચરિત્ર મનુષ્યનાં જીવનમાં લખાઇ જવું જોઇએ. તે મુજબ હું તો યથાસાધ્ય તેમનાં જીવનને મારા પોતાના જીવનમાં ઉતારવાની કોશિશ કરી રહ્યો છું.

## વૃદ્ધાની ઝૂંપડી

( ૪ ) એક રાજાએ એક જગ્યાએ પોતાનો નવો મહેલ બંધાવ્યો. તેની નજીક એક વૃદ્ધાની ઝૂંપડી હતી. ઝૂંપડીમાંથી ધૂમાડો મહેલમાં જતો હતો, તેથી રાજાએ વૃદ્ધાની ઝૂંપડી ત્યાં આગળથી કાઢી નાખવાની આજ્ઞા કરી. રાજાના સિપાઇઓએ તે વૃદ્ધાને ઝૂંપડી કાઢી નાખવા કહ્યું, પરંતુ તેને કશો જવાબ ન આપ્યો એટલે તે લોકો તેને દમદાટી બતાવીને રાજાની પાસે લઇ ગયા. રાજાએ તેને પૂછયું-' ડોસી મા, તમે તમારી ઝૂંપડી કેમ ખસેડતા નથી ? મારી આજ્ઞા કેમ અમાન્ય કરો છો ?' વૃદ્ધાએ કહ્યું-મહારાજ, આપનો હુકમ તો માથે ચડાવું છું. મને માફ કરો. હું આપને એક વાત પૂછું છું, કે હું તો આપના આવડા મોટા મહેલ તથા બાગ બગીચા જોઈ શકું છું, પરંતુ આપની આંખમાં મારી આ ઝૂંપડી કેમ ખટકે છે ? આપ સમર્થ છો, ગરીબની ઝૂંપડી કઢાવી શકો છો. પરંતુ એ કરવાથી શું આપના ન્યાયીપણાને કલંક નહિ લાગે ?

વૃદ્ધાના શબ્દો સાંભળીને રાજા શરમાઇ ગયો અને તેને થોડા પૈસા આપીને આદરપૂર્વક વિદાય કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની જન્મજયંતિ કાર્તિક શુ. ૨ બુધવારે સવારના કૃષ્ણનગરમાં આવેલા જૈન ઉપાશ્રયમાં આચાર્યશ્રી વિજયલલિતસૂરિજીના અધ્યક્ષસ્થાને શ્રી જૈન આત્માનંદ સભા તરફથી ઉજવવામાં આવેલ અને શ્રી લલિતસૂરિજી જૈન સંગીત મંડળનું ઉદ્ઘાટન શ્રી શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલભાઇના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બાળાઓએ પ્રારંભિક સ્તુતિ કર્યા બાદ શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઇએ પૂ. આચાર્યશ્રીનો જીવનપરિચય સુંદર રીતે આપ્યો હતો. ત્યારબાદ શ્રી ભીમજીભાઇ સુશીલે, પૂ. આચાર્યશ્રીએ સમાજમાં ઉચ્ચ કેળવણીના સંસ્કારો રોપ્યા, મુંબઇમાં શ્રી મહાવીર વિદ્યાલયની સ્થાપના કરી, પંજાબમાં જૈનધર્મનો પ્રચાર કર્યો વગેરે બાબતો તેમની લાક્ષણિક શૈલીથી રજૂ કરી હતી. ત્યારપછી શ્રી ન્યાલચંદભાઇ વકીલ, શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીના વક્તવ્યો બાદ કૃષ્ણનગરમાં ધાર્મિક અભ્યાસ કરતા બાળકો સંગીતનું શિક્ષણ સારી રીતે લઇ શકે તે હેતુથી સ્થપાયેલ "શ્રી લલિતસૂરિજી જૈન સંગીત મંડળ" ના ઉદ્ઘાટન અંગે શ્રી ગુલાબચંદ લલ્લુભાઇએ પ્રસંગોચિત વિવેચન કર્યું હતું. ત્યારબાદ બાળકોએ તેમજ બાળાઓએ ગરબા, દાંડીયારાસ વગેરેનો કાર્યક્રમ રસપ્રદ રીતે રજૂ કર્યો હતો. બાદ શ્રી ભોગીલાલભાઇએ સંગીત મંડળની ઉદ્ઘાટન વિધિ કરી હતી અને આ સંગીત મંડળ પ્રારંભે શૂરા જેવું નહિ થતાં સારી પ્રગતિ સાધે એવી ઇચ્છા વ્યક્ત કરી હતી. બાદ શ્રી ખાંતિલાલભાઇ વોરાએ આ સંગીત મંડળને બેંડ વગેરે સામગ્રી શેઠ શ્રી ભોગીલાલભાઇ તરફથી તથા હારમોનિયમ શેઠ શ્રી અમૃતલાલભાઇ છગનલાલ તરફથી અને તબલાની જોડી શેઠ શ્રી ગુલાબચંદભાઇ આણંદજી તરફથી આપવાનું જાહેર કર્યું હતું. ત્યાર પછી મુનિ શ્રી જયાનંદવિજયજીએ સૂરીશ્વરજીના જીવન અંગે કાવ્ય બોલી યોગ્ય વિવેચન કર્યું હતું. છેવટે આચાર્યશ્રી વિજયલલિતસૂરીશ્વરજી મહારાજે ઉપસંહાર કરતાં પૂ. ગુરુવર્યના જીવન અંગે તેમજ સંગીત મંડળ અંગે યોગ્ય પ્રવચન કર્યું હતું. પછી આભારવિધિ થયા બાદ પ્રભાવના કરવામાં આવી હતી.

બપોરે દબદબાભરી રીતે પંચ પરમેષ્ઠીની પૂજા ભણાવી પ્રભાવના કરવામાં આવી હતી અને સાંજે પાઠશાળામાં ભણતા બાળકો તથા બાલિકાઓને જમણ આપવામાં આવ્યું હતું. તેમજ રાત્રે દેરાસરજીમાં આંગીરચના તથા ભાવના રાખવામાં આવ્યા હતા.

*

અત્રે બિરાજમાન આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજ આદિ ઠાણા ૩ નું કૃષ્ણનગરના ઉપાશ્રયથી તેમજ મુનિરાજ શ્રી પદ્મવિજયજી આદિ ઠાણા ૨ નું દાદાવાડીના ઉપાશ્રયથી ચાતુર્માસ શેઠ શ્રી ભોગીલાલભાઇ મગનલાલના બંગલે બદલવામાં આવ્યું હતું. તે પ્રસંગે આચાર્યશ્રીના માંગલિક પ્રવચન પછી પ્રભાવના લઇ સૌ વિખરાયા હતા. બપોરે શેઠશ્રીના બંગલામાં નવાણું પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. તે વખતે પણ શેઠશ્રી તરફથી પ્રભાવના કરવામાં આવી હતી. આચાર્ય મહારાજશ્રીએ વદી ૬ સોમવાર સુધી ત્યાં સ્થિરતા કરી હતી. હમેશાં તેઓશ્રીના વિદ્વત્તાભર્યા વ્યાખ્યાનનો લાભ જૈન તેમજ જૈનેતર શ્રોતાઓએ સારા પ્રમાણમાં લીધો હતો.

*

અત્રે વડવામાં બિરાજતા મુનિરાજશ્રી મણિવિજયજીના ઉપદેશથી કાર્તિકી પૂર્ણિમાના રોજ શ્રી સિદ્ધગિરિની યાત્રા માટે એક સ્પેશ્યલ ટ્રેઇન પાલીતાણે ગઇ હતી, જેમાં વડવાના જૈનોના લગભગ સકલ સંઘે અને શહેરના પણ કેટલાક ભાઇબહેનોએ લાભ લીધો હતો. આ યાત્રિક સંઘની રેલ્વે ટીકીટ તથા ભોજન આદિ માટે મુનિરાજશ્રીના ઉપદેશથી સારી રકમ એકઠી કરવામાં આવી હતી. આ રીતે સૌ યાત્રાળુઓએ શાંતિપૂર્વક યાત્રાનો લાભ લીધો હતો.

For Private And Personal Use Only